

કહાન સંવત-૧૨ □ (૫૮૦) ❋ આત્મધર્મ ❋ (અંક-૮ વર્ષ-૪૮) □ વીર સં. ૨૫૧૮ ફેબ્રુઆરી, ૧૯૯૨

પધારો ! જિનેન્દ્રભક્તિનો અનન્ય અવસર ! જરૂર પધારો !

પ્રશમમૂર્તિ ભગવતીમાતાના જન્મધામ વર્ધમાનપુરી ( વઢવાણ )માં
શ્રી સીમંધરસ્વામી–સમવસરણમંદિરની પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં

# શ્રી દિગંબર જિનબિંબ-પંચકલ્યાણક-પ્રતિષ્ઠા-મહોત્સવ

[ તા. ૨-૩-૯૨ થી તા. ૯-૩-૯૨ ]

આનંદોલ્લાસ સહ જણાવવાનું કે અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પુણ્ય-પ્રભાવનાયોગમાં સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના જન્મધામ વઢવાણમાં નવનિર્મિત ભવ્ય 'શ્રી સીમંધરસ્વામી-સમવસરણ'ની વર્ધમાનજિનપંચકલ્યાણકપૂર્વક પાવન પ્રતિષ્ઠા આગામી ફાગણ સુદ પાંચમ, તા. ૯–૩–૯૨, સોમવારના રોજ ખૂબ આનંદોત્સવ સહ સમ્પન્ન કરવાનો શ્રી મહાવીર-કુંદકુંદ-કહાન-શુદ્ધ-અધ્યાત્મામ્નાયાનુયાયી વઢવાણ દિગંબર જૈન મુમુક્ષુમંડળે નિર્ણય કર્યો છે.

## પ્રતિષ્ઠા-મહોત્સવ : માઘ વદ ૧૩, સોમવાર, તા. ૨–૩–૯૨
## થી
## ફાગણ સુદ ૫, સોમવાર, તા. ૯–૩–૯૨

બહારમાં શ્રી જિનેન્દ્રદેવની તેમ જ અંતરમાં નિજ શુદ્ધ જ્ઞાયકદેવની અનુપમ મહિમા જગવિદિત કરનાર આપણા તારણહાર અનંત-ઉપકાર-મૂર્તિ સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના સાતિશય ધર્મપ્રભાવનાયોગ દ્વારા પોતાની સમ્યક્ જાતિસ્મરણઋદ્ધિથી સમવસરણયુક્ત શ્રી સીમંધરસ્વામીના ભારતવર્ષમાં પદાર્પણ કરાવનાર પ્રશમપરિણત પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના વિશુદ્ધ ધર્મપ્રતાપે સુસમ્પન્ન થનાર આ મંગલ મહોત્સવમાં પધારવા માટે અમારા મુમુક્ષુમંડળ તરફથી સર્વે મુમુક્ષુ-સમાજને સાદર નિમંત્રણ છે.

[ પ્રતિષ્ઠા-મહોત્સવની મહત્ત્વપૂર્ણ બોલી—ઇન્દ્રો, અહમિન્દ્રો તેમ જ કુબેર ઇત્યાદિની બોલી—પ્રતિષ્ઠા-મહોત્સવના પ્રથમ દિવસે (તા. ૨-૩-૯૨, સોમવાર, માઘ વદ ૧૩ના દિવસે) તથા પ્રતિષ્ઠામંડપમાં શ્રી જિનબિંબ બિરાજમાન કરવાની, ધર્મધ્વજારોહણ અને પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજાના ઇન્દ્રોની બોલી તા. ૧-૩-૯૨ રવિવારના રોજ બોલવામાં આવશે. ]

નિમંત્રક—

શ્રી વઢવાણ દિગંબર જૈન મુમુક્ષુમંડળ
અધ્યક્ષ—નંદલાલ તલકશીભાઈ દોશી

કહાન
સંવત-૧૨
વર્ષ-૪૮
અંક-૮
[ ૫૮૦ ]




વીર
સંવત
૨૫૧૮
સં. ૨૦૪૮
FEB.
A.D. 1992

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# રાગરહિત શ્રદ્ધા-જ્ઞાનમાં જ આત્મા ઉપાદેય થાય

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૩૫ )

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રના પ્રથમ અધિકારની ૫૩ ગાથા પૂરી થઈ, હવે ૫૪ મી ગાથા શરૂ થાય છે. શિષ્યના ચાર પ્રશ્નો હતા તેમાંથી બેના જવાબ આવી ગયા છે.

શિષ્યનો પહેલો પ્રશ્ન એ હતો કે, આત્મા સર્વવ્યાપક છે ? તેનો જવાબ ગુરુએ આપ્યો કે, હા, કોઈ અપેક્ષાએ આત્માને સર્વવ્યાપક કહેવાય છે. તે કઈ અપેક્ષાએ ?— કે, પોતાની સત્તામાં રહીને જ્ઞાન લોકાલોકને જાણે છે તો એ જ્ઞાન જાણે લોકાલોકમાં વ્યાપી ગયું છે એમ વ્યવહારથી કહેવાય છે, પણ ખરેખર જ્ઞાન પોતાના પ્રદેશો એટલે પોતાના સ્થાનને છોડીને લોકાલોકમાં જતું નથી.

શિષ્યનો બીજો પ્રશ્ન એ હતો કે, આત્મા જડ છે ? તો ગુરુ કહે છે હા. જ્યારે જ્ઞાનસમુદ્ર ભગવાન આત્મા પોતે પોતાની નિર્વિકલ્પ શાન્તિ–સમાધિમાં લીન હોય ત્યારે તેને ઇન્દ્રિયજ્ઞાન હોતું નથી તે અપેક્ષાએ ઇન્દ્રિયજ્ઞાનના અભાવને કારણે તેને જડ કહેવાય છે પણ સ્વભાવના જ્ઞાનથી રહિત જડ છે એમ નથી.

હવે શિષ્યનો ત્રીજો પ્રશ્ન છે કે, આત્મા શરીર પ્રમાણ છે કે કેમ ? તેના ઉત્તરમાં કહે છે કે, જેનું જ્ઞાન પૂર્ણરૂપે પ્રગટ થઈ ગયું છે એવા સર્વજ્ઞ જિનેન્દ્રદેવ એમ કહે છે કે, સિદ્ધભગવાન હાનિ–વૃદ્ધિના કારણરૂપ શરીર નામના નામકર્મથી રહિત થઈ

ગયા છે તેથી તેમના પ્રદેશોનો સંકોચ-વિકાસ થતો નથી. તેમાં હાનિ-વૃદ્ધિ થતી નથી એટલે શુદ્ધજીવનો આકાર ચરમશરીર પ્રમાણ હોય છે.

આત્મા અરૂપી છે પણ એક પદાર્થ છે ને! તેની હયાતિમાં આ બધું દેખાય છે. જ્ઞાનમાં આ બધું છે એમ જણાય છે. એમ નથી કે તે બધાના હોવાપણાથી જ્ઞાનની હયાતિ છે. માટે આત્મા તો પોતાના જ્ઞાનસ્વભાવમાં રહીને પોતાની પ્રસિદ્ધિ કરે છે. આમ, જેને શરીર વિના જ પોતાના જ્ઞાનથી પ્રસિદ્ધિ થઈ ગઈ તેને પરમાત્મા કહે છે તેને હવે શરીરનામકર્મનો સંબંધ નથી તેથી તેનો આકાર હાનિ કે વૃદ્ધિને પામતો નથી, અર્થાત્ સંકોચ-વિસ્તારને પામતો નથી, છેલ્લા શરીર પ્રમાણ રહે છે.

સર્વજ્ઞદેવે વસ્તુનો સ્વભાવ આ રીતે જોયો છે તેનાથી અન્યમતિ કાંઈ બીજી રીતે કહે છે તેથી વસ્તુનો સ્વભાવ આ રીતે છે એમ અહીં સિદ્ધ કરે છે.

ભાવાર્થ:—સંસાર-અવસ્થામાં જીવના પ્રદેશોની હાનિ-વૃદ્ધિ થાય છે એ મૂળ તો પોતાની સમય-સમયની યોગ્યતાના કારણે થાય છે પણ જીવોને એ યોગ્યતાનો ખ્યાલ ન આવે તેથી તેમાં નિમિત્ત એવા શરીરનામકર્મથી જીવના પ્રદેશોની હાનિ-વૃદ્ધિ થાય છે એમ કહ્યું છે.

જ્યારે જીવ મહામચ્છનું શરીર પામે છે ત્યારે તો મોટા શરીર પ્રમાણે તેના પ્રદેશો વૃદ્ધિને પામે છે અને નિગોદના શરીરમાં જીવના પ્રદેશો સંકોચાય છે. આ પૃથ્વી, દ્વીપ...સમુદ્ર...દ્વીપ...સમુદ્ર એમ અસંખ્ય દ્વીપ સમુદ્રથી પથરાયેલી છે. તેમાં છેલ્લા સ્વયંભૂરમણ સમુદ્રમાં એક હજાર જોજનના માછલાઓ વસે છે. એક યોજન એટલે બે હજાર ગાઉ—એ તો શાશ્વત વસ્તુઓ માટેનું માપ છે. આ એક યોજન એટલે ચાર ગાંવ, એવા હજાર જોજનના માછલાઓ તે અસંખ્ય યોજન પહોળા સ્વયંભૂરમણ સમુદ્રમાં રહે છે. જેવા જળ એવા મચ્છ હોય ને! સમુદ્ર મોટો છે તો તેમાં મચ્છ પણ મોટાં છે, તેમાં રહેલાં જીવના પ્રદેશો વિસ્તારને પામેલા હોય છે અને બટાટા, સકરકંદ આદિમાં નિગોદિયા જીવ છે તેનું શરીર તો અંગુલના અસંખ્યમાં ભાગ જેવડું નાનું હોય છે તેના પ્રમાણમાં તેમાં વ્યાપીને આત્મા રહે છે. અહીં મનુષ્યમાં પણ જાડું શરીર હોય તો આત્માના પ્રદેશ એ પ્રમાણમાં વિસ્તરેલા હોય અને ટેટાં જેવું પાતળું શરીર થઈ જાય તો એ પ્રમાણમાં જીવના પ્રદેશો સંકોચાઈ જાય છે.

શ્રોતા:—એ કેવી રીતે થતું હશે?

પૂજ્ય ગુરુદેવશ્રી:—જીવની એવી યોગ્યતાથી થાય છે. પોતાના સંકોચ-વિકાસનું કાર્ય દ્રવ્યથી પોતાથી જ થાય છે. પરિણામીથી જ તેનું કાર્ય થાય છે પણ અહીં શરીર-

નામકર્મરૂપ નિમિત્તને મુખ્ય કરીને એ બતાવવું છે કે જીવનો એ કાયમી સ્વભાવ નથી. સિદ્ધનો આકાર છેલ્લા શરીર પ્રમાણે રહે છે તેમાં વૃદ્ધિ-હાનિ થતી નથી.

જેમ, સોનાની સાંકળીમાં મકોડાં તો જેટલા હોય એટલાં જ રહે પણ મોટાના ગળામાં ઓછી સર થાય અને નાના બાળકના ગળામાં ઘણી સર થાય અથવા તો પાણીનું દૃષ્ટાંત લ્યો તો પાણી જેવા વાસણમાં ભરો એવા આકારે પાણી રહે છે ને! લોટામાં લોટાના આકારે અને ઘડામાં ઘડાના આકારે. તેમ, સંસારદશામાં જેવું શરીર મળે છે તેવા આકારે જીવ રહે છે.

શ્રોતા :—જીવના પ્રદેશોની વાસ્તવિક સ્થિતિ શું છે?

ઉત્તર :—જીવ અસંખ્યપ્રદેશી છે એ તેનું વાસ્તવિકસ્વરૂપ છે અને તે પોતાની યોગ્યતાનુસાર પર્યાયમાં સંકોચ-વિસ્તાર પામીને રહે છે. જીવના પ્રદેશોની સંખ્યા લોકના પ્રદેશો જેટલી છે પણ લોકમાં પ્રસરીને રહેવાનો તેનો સ્વભાવ નથી. પોતાની એક સમયની પર્યાયની યોગ્યતા અનુસાર સંકોચ-વિસ્તાર થવાનો તેનો સ્વભાવ છે પણ તેમાં શરીરનામકર્મ નિમિત્ત છે તેથી તેને મુખ્ય કરીને અહીં વાત કરી છે. મુક્તદશા એટલે શક્તિમાં જેવી શુદ્ધતા અને આનંદ હતા તે અંતર એકાગ્રતા વડે પર્યાયમાં શુદ્ધતા અને આનંદ પ્રગટ થયા એવી મુક્તદશામાં જીવને શરીરનામકર્મનો સંબંધ રહેતો નથી તેથી તેના પ્રદેશો સંકોચ-વિસ્તારને પામતા નથી. પરંતુ ચરમશરીરથી કંઈક ન્યૂન-ઓછા પુરુષાકારે જ રહે છે.

જેમ લાકડાના બીબામાં સાકરની પૂતળી બનાવે છે ને! તે બીબું કાઢી લેતાં એકલી સાકરની પૂતળી રહી જાય છે તેમ શરીરના બીબામાંથી બહાર નીકળી ગયેલા સિદ્ધ ભગવાન એકલા અતીન્દ્રિય, શુદ્ધ આનંદના મૂર્તિ છે. સાકર જેમ સફેદ અને મીઠી છે તેમ આત્મા શુદ્ધ અને અતીન્દ્રિય આનંદમય મૂર્તિ છે. બીબામાંથી સાકરની મૂર્તિ કાઢી લીધા પછી તેમાં કાંઈ ફેરફાર થતો નથી તેમ દેહ છૂટયા પછી સિદ્ધ આત્માને જેવો આકાર છે તેમાં પછી સાદિ અનંતકાળ કાંઈ ફેરફાર થતો નથી.

અરે! અજ્ઞાનીને દાગીનાના આકાર, કપડાના આકાર, તોરણના આકાર, નાળિયેર આદિ બધી ચીજના આકારની ખબર હોય પણ પોતાનો આકાર કેવો છે તેની ખબર ન હોય. કેમ કે એણે કોઈ 'દી હું કોણ છું? કયાં છું? કેવડો છું? મારો આકાર કેવો છે? તેનો વિચાર જ કર્યો નથી.

હવે અહીં શિષ્યને પ્રશ્ન થાય છે કે જેમ દીવાને માથે ઢાંકણ હોય ત્યાં સુધી તો તેનો પ્રકાશ બહાર ફેલાતો નથી પણ ઢાંકણ નીકળી જતાં પ્રકાશ ચારે તરફ ફેલાય

છે તેમ જીવને આવરણ છે ત્યાં સુધી તો તે શરીરપ્રમાણ રહે છે પણ શરીરનો સંયોગ છૂટી જતાં મુક્ત અવસ્થામાં તો જીવના પ્રદેશો આખા લોકમાં ફેલાવા જોઈએ ને? શરીરપ્રમાણ જ કેમ રહી જાય છે? તેનું સમાધાન આ છે કે, દીવાના પ્રકાશનો વિસ્તાર તો સ્વભાવથી જ થાય છે કોઈ પરદ્રવ્ય વડે થતો નથી. તેના પ્રકાશનો વિસ્તાર તો હતો જ, તે આવરણ વડે ઢાંકવામાં આવ્યો હતો તેથી આવરણ દૂર થતાં પ્રકાશ બધી જગ્યાએ ફેલાય જાય છે પણ જીવના પ્રદેશો તો અનાદિકાળથી સંકોચાયેલા જ છે. તે પહેલાં લોકપ્રમાણ ફેલાયેલા હતાં અને પછી શરીરપ્રમાણ થયા એમ નથી. લોકપ્રમાણ ફેલાવું એવો જીવના પ્રદેશોનો સ્વભાવ નથી. તે તો જેવું શરીર મળે તે પ્રમાણે જ ફેલાય છે અને સંકોચ પામે છે.

નાના બાળકોને બાળલકવા થાય છે તો એના પગ પાતળા પડી જાય છે ત્યાં આત્માના પ્રદેશો પણ સંકોચાયેલા હોય છે અને જાડાં માણસના શરીરમાં જીવના પ્રદેશો એ પ્રમાણે વિસ્તરેલા હોય છે. પ્રદેશોની સંખ્યા તો દરેકને સરખી જ હોય તેમાં વધ-ઘટ ન થાય પણ જેમ જાજમ પાથરેલી હોય તો મોટા વિસ્તારમાં રહે અને ઘડી કરેલી હોય તો ઓછા ક્ષેત્રમાં રહી જાય પણ જાજમ નાની-મોટી થઈ જતી નથી તેમ જીવના પ્રદેશો શરીર પ્રમાણ સંકોચ-વિસ્તારએ પામે છે પણ પ્રદેશોની સંખ્યામાં ઘટ-વધ થતી નથી.

નિગોદમાં અંગુલના અસંખ્યમાં ભાગમાં અનંત જીવ રહે છે તે દરેક જીવના પ્રદેશો તો સંખ્યાએ અસંખ્ય જ છે પણ ત્યાં એટલા સંકોચાઈને રહેલા છે એ જ જીવો ત્યાંથી નીકળીને મહામચ્છ થાય તો તેના પ્રદેશો હજાર જોજન વિસ્તારમાં ફેલાય જાય છે. આમ, આવું જ જીવનું અનાદિ-અનંત અસંખ્ય પ્રદેશી સ્વરૂપ છે. સંસારદશામાં જીવના પ્રદેશોની સંકોચ-વિસ્તારની યોગ્યતા અને શરીર નામના નામકર્મને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય છે. કોઈ કેવળીભગવાનને કેવળીસમુદ્‌ઘાત થાય તો તે વખતે પણ કર્મસહિત અવસ્થા છે. પ્રદેશો લોકપ્રમાણ ફેલાઈને પાછા શરીરપ્રમાણ સંકોચાય જાય છે. પછી પૂર્ણદશા થતાં કર્મો ખસી જાય છે અને આત્માના પ્રદેશો શરીરપ્રમાણ આકારવાળા રહી જાય છે. જેમ, માટીના પિંડમાંથી બનાવેલું વાસણ જયાં સુધી ભીનું હોય ત્યાં સુધી દળવાળું હોય છે પછી જ્યાં ભીનાશ સૂકાઈ જાય ત્યાં દળ ઓછું થઈ જાય છે. તાવડી, માટલાં વગેરે માટીમાંથી બને છે ને! તે ભીના હોય ત્યાં સુધી જાડા લાગે, સૂકાય ગયા પછી જેવા હોય તેવા જ રહે છે પછી તેમાં ઘટ-વધ થતી નથી કેમ કે, ઘટ-વધના કારણરૂપ ભીનાશનો નાશ થઈ ગયો છે. તેમ સિદ્ધના પ્રદેશોનો સંકોચ-વિસ્તાર થતો નથી કેમ કે તેના કારણરૂપ નામકર્મનો જ સિદ્ધોને નાશ થઈ ગયો છે.

જુઓ ! અહીં કોઈ એમ સમજી લે કે કર્મના કારણે જીવમાં ફેરફાર થાય છે, તો એમ સિદ્ધ નથી કરવું. જ્યાં સુધી જીવની અવસ્થા કર્મના નિમિત્તમાં છે ત્યાં સુધી સંકોચ-વિસ્તાર થવાનો તેની પર્યાયનો ધર્મ છે. દ્રવ્યસ્વભાવનો એ ધર્મ નથી તેથી અહીં કર્મને લઈને છે એમ કહેવામાં આવ્યું છે. કોઈ દ્રવ્યને લઈને પરદ્રવ્યમાં ફેરફાર થાય એ વાત તો ત્રણકાળમાં ક્યાંય છે જ નહિ.

અહીં તાત્પર્ય એ છે કે જે શુદ્ધ, બુદ્ધ(-જ્ઞાન) સ્વભાવ પરમાત્મા મુક્તિમાં બિરાજે છે એવો જ અહીં શરીરમાં બિરાજી રહ્યો છે. પર્યાય ભલે શરીરની આકૃતિ પ્રમાણે આકારવાળી હોય પણ તેનો સ્વભાવ પરમ આનંદ અને પરમજ્ઞાનની મૂર્તિરૂપે બિરાજમાન છે. એવા સ્વભાવનું ભાન કરીને, તેના તરફનું ધ્યાન કરવું એ જ આત્માને શાંતિ અને મુક્તિનો ઉપાય છે.

આત્માની વાત બહુ ઘટી ગઈ અને બહારના થોથાની વાતો રહી ગઈ. ધર્મના નામે પણ લોકો ક્રિયા કરવા લાગ્યા પણ વસ્તુ શું છે? કેવા સ્વરૂપે છે? સંકોચ-વિસ્તાર કેમ છે? આત્મા કેમ પ્રાપ્ત થાય? તેની સંભાળ લીધી નહિ. તેથી અહીં ખબર કરાવે છે કે, આત્મા શરીરપ્રમાણ જ્ઞાનનો મોટો પુંજ છે, પવિત્ર છે, શુદ્ધ, બુદ્ધ ચૈતન્યઘન છે, તેને અંતર્મુખદૃષ્ટિ કરીને આદરવા લાયક છે.

જેવા સિદ્ધભગવાન છે તેવો જ આ આત્મા વર્તમાનમાં-પર્યાયમાં જરા મલિનતા છે તેને ન દેખો તો વસ્તુ તો શુદ્ધ, બુદ્ધ—જ્ઞાનઘન છે. એકલું જ્ઞાન અને આનંદનું દળ છે. પણ એને એમ થાય છે કે અરે! અરૂપી છે અને વળી તેને દળ છે? હા, અરૂપી પણ વસ્તુ છે ને! તેને સ્પર્શ, રસ, ગંધ નથી પણ અનંત જ્ઞાન, દર્શન, શાંતિ આદિ ગુણોનો એ પિંડ છે. જેની સત્તામાં જાણવું...જાણવું થાય છે તે જ આત્મા છે જાણનાર છે.

આત્મા અમને દેખાતો નથી એમ કહે છે પણ જે કાંઈ દેખાય છે તેને જાણ્યું કોણે? પ્રથમ જ્ઞાનની હયાતિ ન હોય તો જાણે કોણ? કોની સત્તામાં એ જણાય છે? શું જડની સત્તામાં પદાર્થ જણાય છે? જડની સત્તા વડે જણાય છે? જરા વિચાર તો કર! જ્ઞાનની સત્તામાં, જ્ઞાનની સત્તા વડે બધું જાણવાનું કામ થઈ રહ્યું છે.

પણ એને પોતાને પીછાણવાની નવરાશ ક્યાં છે! બહારના કામ આડે પોતે મરી ગયો છે. મનુષ્યભવ આમ ને આમ પૂરો થઈ જાય છે.

આત્મા જડ આંખોથી દેખાય એવો નથી પણ જે દેખી રહ્યો છે તે જ આત્મા છે. જેની સત્તામાં આંખ જણાય છે—જેનામાં આંખ નથી પણ આંખ સંબંધીનું પોતાનું જ્ઞાન છે તે આત્મા છે. આ બ્રહ્મવિદ્યા-આત્મવિદ્યા છે. બહુ સહેલી વાત છે.

અહા! શુદ્ધ-બુદ્ધ સ્વભાવ આત્મા આ દેહમાં બિરાજી રહ્યો છે. અનંત અનંત બેહદ જ્ઞાન અને આનંદથી ભરેલું આ સત્ છે. પરને જાણતાં ચૈતન્ય પોતે પ્રસિદ્ધ થાય છે, પર નહિ. આ શરીર છે એમ જાણ્યું તેમાં જાણનાર પ્રસિદ્ધ થાય કે શરીર પ્રસિદ્ધ થાય?—જાણનાર પ્રસિદ્ધ થાય છે. પણ એણે કદી પોતાની દરકાર કરી નહિ અને સંસારની કડાકૂટમાં ઘાંચીની ઘાણીના બળદ જેમ સંસારમાં ફર્યા કરે છે. પોતાની મેળે હેરાન થઈ રહ્યો છે.

જ્ઞાનની પ્રસિદ્ધિમાં એકસાથે બે પ્રસિદ્ધિ થાય છે. આ શરીર છે એમ જાણ્યું તેમાં શરીરને જાણ્યું કોણે?—કે જ્ઞાને જાણ્યું એટલે જ્ઞાન પ્રસિદ્ધ થયું અને જ્ઞાને કોને જાણ્યું?—કે શરીરને જાણ્યું. માટે જ્ઞાન અને શરીર બંનેની જ્ઞાન વડે પ્રસિદ્ધિ થાય છે. આ ઘડિયાળમાં નવના ટકોરા પડે છે—એ જાણ્યું તેમાં જાણનાર જ્ઞાન છે અને જ્ઞાનમાં જે જણાયું તે પણ એક ચીજ છે. એમ જ્ઞાન વડે પોતાની અને પરની એમ બેની પ્રસિદ્ધિ થાય છે. આ તો સમજાય તેવી વાત છે. આમાં કાંઈ મોટાં પલાખાં શીખવા પડે તેમ નથી.

હું સિદ્ધ જેવો જ છું એમ જાણનારું જ્ઞાન એક તો હું છું અને જગતમાં સિદ્ધ પણ છે એવા બે તત્ત્વની પ્રસિદ્ધિ પોતાના સ્વપરપ્રકાશક સ્વભાવથી કરે છે. બંધ અધિકારમાં આવે છે કે રાગને જાણતાં પણ જ્ઞાનની પ્રસિદ્ધિ થાય છે કે આ જાણનાર તે હું જ્ઞાન છું અને રાગ સંબંધીનું જ્ઞાન મને થાય છે આમ, રાગને જાણતાં રાગ પ્રસિદ્ધ થતો નથી પણ રાગનું જ્ઞાન અને જ્ઞાનનું જ્ઞાન એમ જ્ઞાનની પ્રસિદ્ધિ થાય છે. અજ્ઞાનીને એમ ભાસે છે કે રાગ પ્રસિદ્ધ થાય છે પણ ખરેખર રાગનું જ્ઞાન અને જ્ઞાનનું જ્ઞાન પ્રસિદ્ધ થાય છે.

આ દેહ, હાડકાં આદિને જાણનારો પોતે દેહ, હાડકારૂપે થતો નથી. પણ એક હું છું અને આ પરવસ્તુ છે એમ બે વસ્તુનું જ્ઞાન કરે છે તેમાં ડબલ-સ્વપરપ્રકાશક જ્ઞાનની પ્રસિદ્ધિ થાય છે. એ જ રીતે રાગને જાણનારું જ્ઞાન એક તો રાગને અને રાગ સંબંધીના પોતાના જ્ઞાનને પ્રસિદ્ધ કરે છે પણ રાગમાં અટકેલું જ્ઞાન રાગને ભાળે છે પણ હું કોણ છું અને રાગને કોણે જાણ્યું એમ જોવાનો પ્રયત્ન કરતું નથી.

જ્યારે રાગનો અભાવ થાય છે તે કાળે આ આત્મા પરમાત્મા સમાન છે, તે જ ઉપાદેય છે એમ કહ્યું તેનો અર્થ શું? કે પુણ્ય-પાપના વિકલ્પ છે તે જ કાળે તેને જાણતું જ્ઞાન એ રાગથી પૃથક્ થઈને, 'આ આત્મા જ્ઞાનમૂર્તિ છે' એમ જાણે ત્યારે આત્મા રાગરહિત થયો થકો ઉપાદેય ગણવામાં આવે છે.

रागादि रहितकाले એમ કહ્યું છે ને! એટલે કે આત્મા તો શરીરપ્રમાણ, રાગાદિથી રહિત, શરીરથી રહિત જ્ઞાનમૂર્તિ છે પણ તે કયારે ભાવમાં ભાસે? કે, જ્યારે જીવ વર્તમાન દશામાં પુણ્ય-પાપ રાગાદિમાં એકત્વ છે તેનાથી ખસીને—રાગની વૃત્તિથી ખસીને હું તો આ જ્ઞાયક ચિદાનંદમૂર્તિ છું એમ અંતરમાં રાગરહિત શ્રદ્ધા-જ્ઞાનની પર્યાયથી આત્મા જણાય છે, ત્યારે આત્મા ઉપાદેય થયો કહેવાયાય છે.

અનાદિથી સ્ત્રી, પુત્ર, પૈસા, શરીરને ઉપાદેય તો માની રહ્યો છે, પોતાના માની રહ્યો છે પણ એ એક સમય માટે પણ એના થયા નથી. તો શું થયું છે? કે હું પુણ્ય-પાપ વિકારથી રહિત ચૈતન્યમૂર્તિ છું એવી દૃષ્ટિ થઈ નથી તેથી એક સમયની દશામાં તેને આ વિકાર મારા છે એવી એકત્વબુદ્ધિ થઈ છે. બાકી શરીર તો એક સમય માટે પણ આત્મા સાથે એકમેક થયું નથી. માટે, રોગ આવે ત્યાં રાડો પાડો છો તે રોગ પ્રત્યેના દ્વેષની રાડ છે. રોગ તો આત્માને અડયો જ નથી. શરીર તો જડ-માટી ધૂળ છે, તે અરૂપી આત્મા સાથે એક કેમ થાય? અને જ્યાં શરીર જ આત્મા સાથે એકત્વ પામ્યું નથી તો બાયડી છોકરાંને હજીરા આદિ તો એક કયાંથી થાય?

રાગ-દ્વેષ મારા છે એવો મિથ્યાત્વભાવ અને અનુકૂળતાનો રાગ અને પ્રતિકૂળતાનો દ્વેષ એવી જે વિકારી વૃત્તિઓ એક સમયની પર્યાયમાં થાય છે તેને ત્રિકાળી દ્રવ્ય સાથે તો સંબંધ નથી પણ એક સમયની પર્યાયમાં તે માન્યતા સાથે એકત્વ થયું છે. એક સેકંડનો અસંખ્યમો ભાગ એવો જે એક સમય તેમાં આ મૂઢ જીવે માન્યતામાં એકત્વ કર્યું છે તે અજ્ઞાનથી પોતે જ ઊભી કરેલી માન્યતા છે.

કેટલાક આળસુ છોકરા હોય જે મા-બાપનો ઉઠાડવાનો અવાજ સાંભળે તોપણ જવાબ ન આપે, કેમ કે એને ઉઠવું ન હોય. જવાબ આપે તો તો ઉઠવું પડે એટલે સાંભળ્યું ન સાંભળ્યું કરીને નિરાંતે સાત-આઠ વાગ્યા સુધી પથારીમાં પડયાં રહે. તેમ આ રાગના એકત્વમાં પડેલા જીવોને સંતો જગાડે છે કે, જાગ રે જાગ! તું તો ચૈતન્યસૂર્ય પ્રભુ છો ભાઈ! તું આ પુણ્ય-પાપના રાગમાં એકત્વ માનીને બેઠો છો પણ તે આત્મામાં એક સમય પણ એકત્વ પામ્યાં નથી માટે એક ક્ષણભર પણ તું રાગની એકત્વ-બુદ્ધિથી ખસીને વીતરાગ સ્વભાવની દૃષ્ટિ કર તો તે રાગરહિત કાળે ભગવાન આત્મા ઉપાદેય થયો કહેવાય, કેમ કે રાગરહિત આત્માના શ્રદ્ધા જ્ઞાન કરે તે કાળે જ આત્મા તેમાં એકાકાર થાય છે માટે ત્યારે જ આત્મા ઉપાદેય થયો ગણાય છે.

રાગની રુચિ છોડી સ્વભાવ સન્મુખતા કરે ત્યારે જ તે આત્મા પરમાત્મા સમાન આદરણીય થયો કહેવાય છે. વસ્તુની દૃષ્ટિ થયા વિના વસ્તુ આદરણીય થઈ કહેવાતી જ નથી. રાગ-દ્વેષની લાગણીરૂપ વિકારના ભાવથી ચૈતન્ય ઉપાદેય થતો નથી.

કારણ કે રાગ તો તેના સ્વરૂપમાં જ નથી. આત્મા તો પરમાત્મસ્વરૂપ છે માટે જ્યારે તે રાગ અને પુણ્યના વિકલ્પોનો પ્રેમ છોડી રાગરહિત દૃષ્ટિ કરે, રાગરહિત જ્ઞાન કરે તે કાળે આત્મા પરમાત્મા સામાન અંગીકાર કરવાયોગ્ય થાય છે આ—સાર છે.

આ વાત બેસતી નથી એમ થાય છે, પણ બેસાડે તો બેસે કે કોઈ બીજું એની શ્રદ્ધામાં બેસાડી શકે! જેણે ઊંધાઈ કરી છે તેણે જ એ ઊંધાઈ તોડવાની છે. જે ઊંધાઈ કરે તે છોડે તો જ છૂટે, સૌએ પોતપોતાની ઊંધાઈ છોડવાની છે.

અહો, ભગવાન આત્મા શરીરાદિ સાથે તો કદી એકત્વ થયો જ નથી પણ જ્યાં સુધી સ્વભાવનો આદર ન હતો ત્યાં સુધી શુભ-અશુભ વિકલ્પનો આદર હતો—તેમાં એકતા થયેલી, કેમ કે ક્યાંક તો એ પોતાનું હોવાપણું માન્યા વગર રહે નહિ. ચૈતન્ય-પ્રકાશને રાગરહિત દૃષ્ટિથી જોવો જોઈએ, તે ન જોયો અને પુણ્ય–પાપ વિકલ્પમાં જ એકાકાર થઈને, એ જ આત્મા છે એમ માની લીધું. પણ હવે એ રાગરહિત આત્મા ઉપાદેય ક્યારે થાય કે, પરદ્રવ્ય અને રાગના પડખેથી ખસી સ્વસન્મુખ થાય ત્યારે રાગરહિત દૃષ્ટિ વડે આત્મા ઉપાદેય થયો કહેવાય.

આમ, રાગરહિત દૃષ્ટિ વડે એક આત્મા જ ઉપાદેય છે, બાકી પુણ્ય–પાપ, રાગ–દ્વેષાદિ વિકલ્પ આદરવાલાયક નથી એવું તાત્પર્ય કાઢવું તેનું નામ મોક્ષમાર્ગ છે.

[ ક્રમશઃ ]

## ૐ એકને તું પહોંચી જા ૐ

અહો! અનંત ગુણોથી ગૂંથાયેલો તું એક છે, તે એકને તું પહોંચી જા. તે એકના અવલંબનથી સ્વભાવ-પરિણતિ થઈ કે આખું ચક્ર સ્વભાવ તરફ વળી ગયું. તારી દૃષ્ટિ સ્વભાવ તરફ વળી ગયું. તારી દૃષ્ટિ સ્વભાવ તરફ વળી તો બધા ગુણોનું સ્વભાવપરિણમન શરૂ થઈ ગયું. પછી તો તેમાં લીનતા કરતાં કરતાં પૂર્ણતા સુધી પહોંચી જઈશ.

—પૂજ્ય બહેનશ્રી

# ॐ શુદ્ધ જીવને 'સાર'પણું ઘટે છે ॐ

[ શ્રી સમયસાર-કલશ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આજે શ્રુતપંચમીને દિવસે આ સમયસાર કળશનું વાંચન શરૂ થાય છે. અમૃતચંદ્ર આચાર્યના આ કળશો છે તેની ટીકા રાજમલ્લજીએ કરી છે. રાજમલ્લજી જૈન ધર્મી સમયસાર કે મર્મી એમ બનારસીદાસે પં. રાજમલ્લજી માટે કહ્યું છે.

नमः समयसाराय स्वानुभूत्या चकासते ।
चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे ॥ १ ॥

भावाय नमः ( भावाय ) એટલે પદાર્થ. જગતમાં જે કોઈ પદાર્થ હોય તેને પોતાનો સ્વભાવ હોય જ, સ્વભાવ વિનાનું-સત્ત્વ વિનાનું કોઈ સત્ હોય નહિ; એટલે અહીં કહ્યું કે પદાર્થ સંજ્ઞા છે સત્ત્વસ્વરૂપની. એથી આ અર્થ કર્યો કે-જે કોઈ શાશ્વત વસ્તુરૂપ છે તેને મારો નમસ્કાર. આ આત્મ દ્રવ્યની વાત કરી, તે દ્રવ્ય અર્થાત્ વસ્તુ કેવી છે? चित्तस्वभावाय-જ્ઞાન ચેતના તે જ છે સર્વસ્વ જેનું. ભગવાન આત્મામાં પુણ્ય ને પાપ કે રાગ અને દ્વેષ તે ચેતનસ્વરૂપ આત્માનું સર્વસ્વ નથી પણ ચેતનાપણું તે તેનું સર્વસ્વ છે. પુણ્ય ને પાપ એ તો વિકારી - અન્ય તત્ત્વો છે.

આ વિશેષણ કહેતાં બે સમાધાન થાય છે:-એક તો 'ભાવ' કહેતાં પદાર્થ; તે પદાર્થ કોઈ ચેતન છે, કોઈ અચેતન છે; એમ કહેતાં જગતમાં પદાર્થ બે પ્રકારના છે, તેમાં ચેતન પદાર્થ નમસ્કાર કરવા યોગ્ય છે. એટલે કે જાણકસ્વભાવથી ભરેલો આત્મા કે જેની જ્ઞાનદશા પ્રગટ છે તે નમસ્કાર કરવા યોગ્ય છે. બીજું સમાધાન એ છે કે યદ્યપિ વસ્તુનો ગુણ વસ્તુમાં ગર્ભિત છે - વસ્તુ ગુણ એક જ સત્ત્વ છે તથાપિ ભેદ ઉપજાવીને કહેવા યોગ્ય છે. શું કહ્યું એ? કે આત્મા ચૈતન્યસ્વભાવી છે એમ ભેદ પાડીને વાત કરી છતાંય ચૈતન્યસ્વભાવ ને આત્મવસ્તુ કોઈ જુદી નથી, તથાપિ ભેદ ઉપજાવીને કહેવા યોગ્ય છે. ચેતનાસ્વભાવ તે આત્મા એટલો ભેદ ઉપજાવવો પડે છે અર્થાત્ એટલો ભેદ પાડીને સમજાવવું પડે છે, બીજો કોઈ ઉપાય નથી. સાકર અને સાકરનું ગળપણ બે એક જ ચીજ છે છતાં સાકરને જે જાણતો નથી તેને ગળપણ દ્વારા સાકરનું સ્વરૂપ સમજાવાય છે. એમ ભગવાન આત્મા અને ચેતનગુણ છે તો બે એક જ વસ્તુ, છતાં અનાદિથી જેને ધર્મ થયો નથી અને તે જેને કરવો છે એટલે કે સુખી થવું છે તેને

આ આત્મામાં આનંદ, જ્ઞાન, શાંતિ આદિ ધર્મો પડ્યા છે તે વિશેષણોનો ભેદ પાડીને સમજાવ્યા વિના વસ્તુનું જ્ઞાન ઉપજતું નથી. આત્મા વસ્તુ છે એને બીજાથી જુદો પાડી જણાવવો હોય તો જણાવવો શી રીતે તો કહે છે કે આ જ્ઞાન તે આત્મા આટલો ભેદ પાડ્યા વિના જણાવી-સમજાવી શકાતો નથી કે સમજી શકાતો નથી. આટલો ભેદ આવ્યા વિના રહેતો નથી છતાં તે ભેદ અનુસરવા લાયક નથી, સમજાણું કાંઈ! આગળ કળશમાં કહ્યું છે કે જીવ વસ્તુને કહેવા માગે ત્યારે એમ જ કહેવામાં આવે છે કે 'જેના ગુણ દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જીવ' જો કોઈ સાધિક (અધિક બુદ્ધિમાન) હોય તોપણ આમ જ કહેવું પડે. એટલો વ્યવહાર વચ્ચે આવે છે, આ સિવાય બીજો કોઈ ઉપાય નથી.

અહીં તો કહે છે આ શરીર, આઠ પ્રકારના દ્રવ્યકર્મ કે હિંસા, જુઠ, ચોરી વિષયભોગ આદિ પાપભાવો કે દયા, દાન, વ્રત, ભક્તિ આદિ પુણ્ય ભાવો તે કોઈ આત્માનાં વિશેષણો નથી, તેથી તે દ્વારા આત્માને ઓળખાવી શકાતો નથી. આ દયા પાળે તે આત્મા કે આ હિંસા કરે તે આત્મા એમ એ વડે આત્મા ઓળખાવી શકાતો નથી કેમકે એ તો રાગ અને વિકાર છે.

અહા! આવી અંતરની વસ્તુ અનંતકાળમાં એક સેકંડ પણ સમજ્યો નથી. ભાઈ! વીતરાગનો માર્ગ સૂક્ષ્મ છે. લોકો તો દયા પાળવી, વ્રત કરવા આદિ બહારની ક્રિયાથી ધર્મ માની બેઠા છે પરંતુ એ ધર્મ નથી. એ તો બધી રાગની ક્રિયા છે અને બહારમાં બે-પાંચ કરોડ રૂપિયા મળે કે સ્ત્રી, છોકરાં આદિ મળે એ તો બધા આકુળતા અને દુઃખના નિમિત્તો છે. આત્માનું સુખ એમાં નથી.

વળી કેવો છે 'भाव'? 'समयसाराय' જો કે 'સમય' શબ્દના ઘણા અર્થ છે તોપણ આ અવસરે 'સમય' શબ્દથી સામાન્યપણે જીવાદિ સકળ પદાર્થ જાણવા.

તીર્થંકર પરમેશ્વરે આ જગતમાં જાતિ અપેક્ષાએ છ તથા સંખ્યા અપેક્ષાએ અનંત દ્રવ્યો કહ્યાં છે તે બધાને 'સમય' નામથી ઓળખાવી શકાય છે કેમકે સમય:— સમ + અય-સમ્યક્ પ્રકારે પરિણમન કરવું-ગમન કરવું એવો પરિણમન સ્વભાવ તો છએ દ્રવ્યોનો છે.

તેમાં જે કોઈ 'સાર' છે, 'સાર' કહેતાં ઉપાદેય છે જીવવસ્તુ, તેને મારા નમસ્કાર.

ટીકાકાર કહે છે શરીર તથા પુણ્ય-પાપના ભાવોથી ભિન્ન એકલો આનંદકંદ શુદ્ધચૈતન્ય એને હું નમસ્કાર કરું છું. આ જગતમાં છ દ્રવ્યો છે પરંતુ તે બધા કાંઈ આદરણીય-ઉપાદેય-ગ્રહણ કરવા લાયક નથી. અંદર પરમાત્મપદને પ્રાપ્ત છે અને પરમાત્મ

સ્વરૂપે છે એવો નિજ ભગવાન આત્મા ચૈતન્યવસ્તુ છે તે જ ઉપાદેય છે. અહા! અહીં કહે છે જેને ધર્મ કરવો છે એને પોતાનો શુદ્ધ આત્મા આદરણીય છે, તેને ઉપાદેય કરતાં દશામાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર પ્રગટ થાય છે. આત્માનું પૂર્ણ અસ્તિત્વ એટલે હોવાપણું એનો દૃષ્ટિમાં આદર થતાં ધર્મની શરૂઆત અર્થાત્ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે અર્થાત્ પૂર્ણાનંદનો નાથ અંદર બિરાજે છે તેને સ્વીકારે ત્યારે તેને સત દર્શન થાય છે.

આ વિશેષણનો આ ભાવાર્થ છે–સાર પદાર્થ જાણી ચેતન પદાર્થને નમસ્કાર પ્રમાણ રાખ્યા. અસારપણું જાણી અચેતન પદાર્થને નમસ્કાર નિષેધ્યા.

શાસ્ત્રજ્ઞાન તથા વ્રત ને તપ અનંતકાળમાં અનંતવાર કર્યા છે પરંતુ અંતરમાં ધ્રુવ આત્માને ધ્યેય બનાવ્યો નથી માટે તે અપૂર્વ છે. નિમિત્ત, રાગ અને એક સમયની પર્યાયને ધ્યેય બનાવીને અનાદિથી મિથ્યાદૃષ્ટિ રહ્યો છે. તેથી અહીં કહે છે કે એક ચેતન પદાર્થ જ નમસ્કાર કરવા લાયક છે એ સિવાય કોઈ ચીજ—આત્માની (શુદ્ધ) પર્યાય પણ (આશ્રયની અપેક્ષાએ) નમસ્કાર કરવા લાયક નથી. પૈસા, દુકાન, ધંધો એ તો ઠીક પણ દયા, દાન, વ્રત ભક્તિના પરિણામ છે તે પણ ખરેખર તો અચેતન છે (પોતે પોતાને જાણતા નથી અને આત્માને પણ જાણતા નથી) માટે તેને પણ નમસ્કાર કરવાનું નિષેધ્યું છે. આવી વાત છે!

અહા! ઘણા તો સવારે દુકાન ખોલતાં ઉંબરાને નમસ્કાર કરે. વળી કેટલાક હનુમાન, શિકોતર આદિ દેવ દેવલાંને નમસ્કાર કરે છે. આ તો બધી મૂર્ખાઈ છે. એક બાજુ કહે કે અમે જૈન છીએ પણ જૈન કોને કહેવાય એનું પણ ભાન ન મળે. આવા જીવો તો અક્કલના બારદાન એટલે કે અક્કલ વિનાના ખાલી ખોખા છે. ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમાત્મા કે જેને પૂર્ણ દશા પ્રગટ છે તેને વંદન કરવાનું છોડીને બીજાને વંદન કરે છે એને તો વ્યવહારે પણ જૈનપણું નથી.

અહા! ઘણા લોકોને તો ૨૪ કલાકમાંથી વીસ, બાવીસ કલાક તો રમવું, ખાવું, પીવું, ભોગ ભોગવવા, તથા બાયડી છોકરાં સાચવવામાં ચાલ્યા જાય છે. એ બધા તો મોટા મજૂર છે. માંડ કલાક બે કલાક નવરાશ મળે અને સાંભળવા જાય તો આવી તત્ત્વની વાત આવે નહીં. ત્યાં તો આ કરો ને તે કરો આદિ બહારની ક્રિયાની વાતો આવે પણ એ કોઈ ધર્મ નથી; એવા જીવો તો ચારગતિ પરિભ્રમણમાં રખડવાના છે.

હવે કોઈ વીતર્ક કરે કે બધાય પદાર્થ પોત પોતાના ગુણ-પર્યાયે બિરાજમાન છે, સ્વાધીન છે—કોઈ કોઈને આધીન નથી; તો જીવ પદાર્થને સારપણું કઈ રીતે ઘટે છે?

શું કહે છે? બધાય જીવો અને બધાય પરમાણુ આદિ દ્રવ્યો સ્વતંત્રપણે પોતાની શક્તિ અને અવસ્થાથી રહેલા છે, એને કોઈ પરની જરૂર કે અપેક્ષા નથી એવી વસ્તુની મર્યાદા છે તો તમે એકલા જીવને 'સાર' કઈ રીતે કહ્યો? બધાય 'સાર' છે એમ કેમ ન કહો? આમ શિષ્યનો પ્રશ્ન છે. આ શરીરના પરમાણુઓ પણ પોતાની સ્પર્શ, રસ, રૂપ, ગંધ આદિ શક્તિઓથી કાયમ રહી પોતે સ્વતંત્ર પરિણમે છે. તે જડને આત્મા કંઈ કરે કે આત્માને જડ કંઈ કરે એવું વસ્તુના સ્વરૂપમાં છે નહીં. કોઈ કોઈને આધીન નથી. જે જે ક્ષણે જે પદાર્થની અવસ્થા થાય છે તે પર્યાય પોતાથી થાય છે. તે તે પદાર્થની તે નિજ જન્મક્ષણ છે. આ ભાષા બોલાય છે ને! તે આત્માથી બોલાતી નથી એમ કહે છે. એવી જ રીતે આ શરીર હાલે, આંખ આમથી તેમ ફરે તે બધી જડની અવસ્થા જડથી થાય છે. પૈસાનું આવવું અને જવું તે તેનું સ્વતંત્ર પરિણમન છે; તેને કોઈ રાખે, સંભાળે કે બીજાને દઈ શકે એમ છે નહિ. મોઢામાં રોટલી પડી એના કટકા થાય છે તે જીવથી નહિ એમ કહે છે. કેમકે એ જગતની ચીજ છે. એના કટકા, બટકા, ભૂકો થવાનો સમય હોય ત્યારે એની પર્યાયથી એનાથી થાય છે. દાંતથી પણ નહિ અને જીવથી પણ નહિ. તથા આ રોટલી દાળ ને ભાત અગ્નિથી થયા નથી. શરીર દવાને લઈને સારૂં થાય એવું પરાધીન નથી. મોટા ડાક્ટર હોય તોપણ ક્ષણમાં મરી જાય છે. જીવની કલ્પનાનું જે સુખ અને દુઃખ એને થાય છે એનું કારણ સ્ત્રી કે બીજું કોઈ દ્રવ્ય નથી. સ્ત્રીનું લક્ષ કરીને આ મને ઠીક છે એવો જે રાગ અજ્ઞાની કરે છે તે સ્વતંત્રપણે કરે છે. પેટમાં ભૂખ લાગી હોય અને કેરીનો રસ કે પુરી ખાય તો ભૂખ ભાંગી જાય એની અહીં ના પાડે છે. ભિન્ન ચીજ ભિન્ન ચીજને કાંઈ કરે એમ બનતું નથી. આ જીવદયા-મંડળીનું કે નગરપાલિકાનું કોઈ કરી દે એ બધી અજ્ઞાનીઓએ કલ્પેલી ઊંધી માન્યતાઓ છે. અહીં તો કહે છે કોઈ કોઈની દયા પાળી શકતું નથી. આયુષ્ય હોય તો બચે અને આયુષ્ય ન હોય તો દેહ છૂટી જાય. ઇશ્વરની મહેરબાની થાય તો આમ થાય એમ કેટલાક કહે છે તે ગપ્પે ગપ્પા છે. પ્રશ્ન:—બાપ છોકરાને કેળવણી આપી શકે કે નહીં? ઉત્તર:—કોનો બાપ અને કોનો દીકરો? એ તો બધા નિમિત્તના કથનો છે. આત્મા બાપેય નથી અને આત્મા દીકરોયે નથી.

અહા! આત્મા પોતાની મૂળ પર્યાયને પ્રાપ્ત તથા જડ પોતાની મૂળ પર્યાયને પ્રાપ્ત સ્વાધીન પદાર્થ છે. અજ્ઞાની પોતાની વસ્તુના ભાન વિના હું પરને બદલાવું છું અથવા રાખીને ગ્રહણ કરૂં છું—એમ ભ્રમણામાં ભવ કરી રહ્યો છે. બાપુ! જેનો એક ઘડો ઊંધો મુકાયો હોય તેના બધા ઘડા ઊંધા જ રહે. એમ જેની દૃષ્ટિ ઊંધી છે એના બધા તર્કો ઊંધા જ હોય છે.

અહીં તો કહે છે બીજા દ્રવ્યો તો સાર નથી; પણ પોતામાં પુણ્ય-પાપના ભાવ ઉઠે છે તે પણ સાર નથી તથા એ સમયે રાગને જાણવાવાળી જે જ્ઞાન પર્યાય છે તે પણ સાર નથી. તે જ્ઞાનની પર્યાયમાં ત્રિકાળી ધ્રુવ જે જણાઈ રહ્યો છે તે સાર છે. આવી વાત છે. પ્રભુ શું કહીએ? શ્રીમદ્જી એક વખત કહેતા અરેરે! આ મારો નાદ કોણ સાંભળશે? એટલે કે આ ભગવાનના ઘરની પરમાર્થ વાત કોણ સાંભળશે? હવે આનું સમાધાન કરવા માટે બે વિશેષણ કહે છે :—

વળી કેવો છે ભાવ? "स्वानुभूत्या चकासते, सर्वभावान्तरच्छिदे" આ અવસરે 'સ્વાનુભૂતિ' કહેતાં નિરાકુલત્વલક્ષણ શુદ્ધાત્મપરિણમનરૂપ અતીન્દ્રિય સુખ જાણવું. તે રૂપે (चकासते) અવસ્થા છે જેની.

અહા! આત્મા એક વસ્તુ છે એની સન્મુખ થતાં આત્માની દશામાં અતીન્દ્રિય સુખ ઊપજે તેને સ્વાનુભૂતિ કહે છે. ચૈતન્યસ્વભાવી આત્મવસ્તુ છે તે નિરાકુળ આનંદના અનુભવમાં પ્રાપ્ત થાય છે કે જે નિરાકુળ આનંદના અનુભવમાં આકુળતા બિલકુલ નથી અર્થાત્ અતીન્દ્રિય સુખથી આત્મા જાણી શકાય છે તે સિવાય બીજી કોઈ રીતે આત્મા જાણવામાં આવતો નથી. પર્યાયમાં નિરાકુળ આનંદ પ્રગટ થતાં આત્માએ જાણ્યું કે હું જ્ઞાન, આનંદ અને નિરાકુલ સુખનો પિંડ છું. ભાઈ! ભગવાન આત્મામાં જ્ઞાન ને આનંદ પૂરેપૂરા ભરેલા છે પરંતુ કોઈ દિવસ તેનો વિચાર કે મંથન જીવે કર્યો નથી. ચૈતન્યઘન આત્માની અનુભૂતિથી પર્યાયમાં અતીન્દ્રિય આનંદ આવે છે તેથી શુદ્ધ આત્માને સાર કહ્યો છે, બીજી રીતે કહીએ તો આત્માનો અનુભવ કરવાથી સુખ થાય છે માટે જીવને 'સાર' કહ્યો છે. ભાઈ! આ તો ત્રણ લોકના નાથની દિવ્યધ્વનિનો સાર છે. મહા સિદ્ધાંત છે. આ કોઈ કથા-વાર્તા નથી.

અહા! આ આત્માનું સુખ પૈસા કે શરીરમાં તો નથી પણ પુણ્ય કે પાપભાવમાં પણ સુખ નથી, એ તો ઠીક પણ (મિથ્યાદૃષ્ટિની) વર્તમાન એક સમયની જ્ઞાનની અવસ્થામાં પણ આ આત્માનું સુખ નથી. આત્માનું સુખ તો ત્રિકાળી ગુણ અને ત્રિકાળી દ્રવ્યમાં છે.

વળી કહે છે. 'सर्व भावान्तरच्छिद' 'સર્વ ભાવ' અર્થાત્ અતીત-અનાગત-વર્તમાન પર્યાય સહિત અનંત ગુણે બિરાજમાન જેટલા જીવાદિ પદાર્થ તેની 'અન્તરછેદી' અર્થાત્ એક સમયમાં યુગપદ્ પ્રત્યક્ષરૂપે જાણનશીલ જે કોઈ શુદ્ધ વસ્તુ તેને મારા નમસ્કાર. એક આંખના પલકારામાં અસંખ્ય સમય જાય છે એવા એક સમયમાં યુગપદ્ પ્રત્યક્ષ ત્રણકાળ, ત્રણલોકને જે દેખવાના સ્વભાવવાળી છે એવી શુદ્ધ વસ્તુને મારા નમસ્કાર. ત્રિકાળ શુદ્ધ વસ્તુ જેના અનુભવમાં પૂર્ણ આનંદ અને પૂર્ણજ્ઞાન આવ્યું એવી ચીજને હું નમસ્કાર કરું છું. આ રીતે શુદ્ધ જીવને 'સાર'પણું ઘટે છે.

સાર અર્થાત્ હિતકારી, અસાર અર્થાત અહિતકારી. સમ્યગ્દર્શનમાં પોતાના આનંદ અને સુખનો અનુભવ થવો તે હિતકારી છે માટે શુદ્ધાત્મા અને એનો અનુભવ એવું સમ્યગ્દર્શન એ જ 'સાર' છે. એ સિવાય બધું અસાર છે. નિર્વિકલ્પ અનુભવ થવો એ હિતકારી છે અને એ જ ધર્મ છે જ્યારે શુભ ને અશુભભાવ અહિતકારી છે.

આથી સૂક્ષ્મ વાત હજુ આગળ કરે છે. ત્યાં હિતકારી સુખ જાણવું, અહિતકારી દુઃખ જાણવું. કારણ કે અજીવ પદાર્થોને-પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળને-અને સંસારી જીવને સુખ નથી, જ્ઞાન પણ નથી અને તેમનું સ્વરૂપ જાણતાં જાણનહાર જીવને પણ સુખ નથી, જ્ઞાન પણ નથી તેથી તેમને 'સાર' પણું ઘટતું નથી. શુદ્ધ જીવને સુખ છે, જ્ઞાન પણ છે, તેને જાણતાં-અનુભવતાં જાણનહારને સુખ છે; જ્ઞાન પણ છે તેથી શુદ્ધ જીવને 'સાર'પણું ઘટે છે.

પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ એ તો અજીવ છે તેથી તેમાં જ્ઞાન કે સુખ નથી. આ લક્ષ્મી આદિ બધું પુદ્ગલ છે તેથી તેમાં જ્ઞાન કે સુખ નથી. આ અત્યારનું વિજ્ઞાન શું હશે? એ પણ પુદ્ગલ છે તેથી તેમાં પણ જ્ઞાન કે સુખ નથી. વળી સંસારી જીવો કે જેઓ શુભાશુભ વિકારી પરિણમન સહિત અશુદ્ધ છે તેમને પણ જ્ઞાન કે સુખ નથી. ચાહે તો એ જીવો મોટા પૈસાવાળા હોય કે દેવ હોય તોપણ એ દુઃખી છે. પુણ્ય ને પાપના પરિણામને કરવાવાળા બધા દુઃખી છે. અહીં તો કહે છે શુદ્ધ જીવ સિવાય પાંચે અજીવ દ્રવ્યો અને સંસારી જીવને જ્ઞાને નથી ને સુખ નથી તથા એને જાણવાવાળાને પણ જ્ઞાન અને સુખ નથી. આ ડોકટરનું ને વકીલાતનું જાણવાવાળાને જ્ઞાને નથી અને સુખે નથી એમ કહે છે. તેથી તેને 'સાર'પણું ઘટતું નથી.

કોને જ્ઞાન ને સુખ છે? તો કહે છે કે શુદ્ધ જીવ ચૈતન્યમૂર્તિ અનાદિ અનંત મહા મંગલસ્વરૂપ કે જે એક સમયની સંસારદશા કે શુદ્ધ એવી મંગલદશાથી પણ ભિન્ન છે તેને જ્ઞાન અને સુખ છે તથા તેને જાણતાં-અનુભવતાં જાણનહારને જ્ઞાન અને સુખ છે. ભગવાન પરમેશ્વર જે થઈ ગયા તે પણ (આ આત્માને માટે) પરદ્રવ્ય છે. અહીં તો પોતાનો ત્રિકાળ શુદ્ધ આત્મા કે જે પરમાત્મસ્વરૂપ છે એમાં જ્ઞાન અને સુખ છે તથા એવા નિજ પરમાત્મસ્વરૂપ ભગવાનને જાણવાવાળાને જ્ઞાન અને સુખ છે એમ કહેવું છે. જુઓ! આ સરવાળો લીધો.

અહા! આ નહિ સમજે તો દેહ તો છૂટી જશે અને એકલો આત્મા ૮૪ના અવતારમાં રખડવા ચાલ્યો જશે. અહા! જ્ઞાન ને આનંદથી ભરપુર પવિત્ર આત્મા એને જાણતાં જ્ઞાન અને સુખ થાય છે, આ સિવાય બીજો કોઈ સુખી થવાનો રસ્તો નથી અને તે જીવ અલ્પકાળમાં કેવલજ્ઞાન પામી મુક્તિ પામે છે. આ સાર ચીજ છે. જગતમાં બીજી કોઈ સાર ચીજ નથી.

—*—

[ ક્રમશઃ ]

# 卐 વિવિધ નામોથી જીવની ઓળખાણ 卐

[ શ્રી સમયસાર નાટક શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

(સળંગ પ્રવચન નં. ૧૩)

શ્રી નાટક સમયસાર શાસ્ત્રની ઉત્થાનિકાનો આ ૩૭મો શ્લોક શરૂ કરીએ છીએ. જેમાં બનારસીદાસજીએ સામાન્યપણે જીવદ્રવ્યના નામ કહ્યાં છે.

चिदानंद चेतन अलख जीव समैसार,
बुद्धरूप अबुद्ध असुद्ध उपजोगी है ।
चिद्रूप स्वयंभू चिनमूरति धरमवंत,
प्रानवंत प्रानी जंतु भूत भवभोगी है ॥
गुनधारी कलाधारी भेषधारी विद्याधारी,
अंगधारी संगधारी जोगधारी जोगी है ।
चिन्मय अखंड हंस अक्षर आतमराम,
करमकौ करतार परम विजोगी है ॥ ३७ ॥

પ્રથમ નામ છે 'चिदानन्द' ચિદ્ એટલે જ્ઞાન + આનંદ જેમાં છે તે ચિદાનંદ છે તે સહજાનંદ છે માટે સહજાનંદ પણ આત્માનું નામ છે.

'चेतन' આત્મા ચેતનારો છે—જાણનારો છે માટે તેને ચેતન કહ્યો છે. 'अलख' એટલે આત્મા ઇન્દ્રિયોથી જાણવામાં આવતો નથી માટે અલખ કહ્યો છે. ઇન્દ્રિયોથી અને વિકલ્પથી પણ જે જાણવામાં ન આવે તેવો અલખ છે.

'जीव' એ તો એનું નામ છે. સ્વ-રૂપે જીવે તે જીવ છે. 'समैसार' શાસ્ત્રનું નામ સમયસાર છે અને આત્માનું નામ પણ સમયસાર છે. સમ + અય + સાર = સમયસાર એટલે સમ્યક્‌પ્રકારે જ્ઞાન અને આનંદરૂપે પરિણમન કરીને જે દ્રવ્યકર્મ ભાવકર્મ અને નોકર્મથી રહિત થાય છે એવા આત્માને સમયસાર કહેવાય છે. શાસ્ત્રને સમયસાર નામ આપ્યું છે પણ તે તો શબ્દો છે. વાસ્તવમાં તો આત્મા જ સમયસાર છે.

'बुद्धरूप' આત્મા એકલો જ્ઞાનસ્વરૂપી છે, જ્ઞાનનો પિંડ છે. 'શુદ્ધ, બુદ્ધ ચૈતન્યઘન' છે. 'अबुद्ध' પોતાના સ્વરૂપને જાણતો નથી એવો આત્મા અબુદ્ધ પણ છે.

જ્યાં સુધી પર્યાયમાં પોતાના આત્માને ન જાણે ત્યાં સુધી તે અબુદ્ધ છે. નહિ જાણનારો તે પણ આત્મા છે. અહીં એમ કહેવું છે કે અજ્ઞાન છે તે પણ આત્મા છે, અજ્ઞાન પરથી કે પરના કારણથી થતું નથી. પોતાની જ્ઞાનાનંદમય ચીજને ન જાણે અને રાગને આત્મા માને એવો અબુદ્ધ પણ આત્મા છે. તે કાંઈ જડ નથી. અજ્ઞાન, રાગ-દ્વેષ આદિ જીવની પર્યાયમાં થાય છે. 'અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા...' એ પોતાથી પોતાને ભૂલીને હેરાન થાય છે, કોઈ કર્મ કે પરદ્રવ્યથી હેરાન થતો નથી......

'भवभोगी' ભવને ભોગવવાવાળો પણ આત્મા છે. માટે તેને ભવભોગી નામ આપ્યું છે. નરક, તિર્યંચ, મનુષ્ય આદિ ભવોમાં જે વિકારીભાવ થાય છે તેને ભોગવવાવાળો આત્મા છે, કાંઈ જડ તેને ભોગવતું નથી. અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં રાગ-દ્વેષ થાય છે તેને જીવ ભોગવે છે. રોગ ભલે શરીરમાં આવે છે પણ તેના પ્રત્યેના દ્વેષના ભાવને જીવ ભોગવે છે.

જેમ સિદ્ધપર્યાયનો ભોક્તા જીવ છે તેમ અજ્ઞાનદશામાં વિકારી પર્યાયનો ભોક્તા પણ જીવ છે. વિકારનો ભોક્તા જડ નથી. આત્મા દાળ, ભાત, રોટલી, લાડવા આદિ જડ ચીજને ભોગવતો નથી પણ તેના પ્રત્યેના રાગને આત્મા જ ભોગવે છે. મનુષ્યગતિ સારી, દેવગતિ સારી, નરક, તિર્યંચગતિ સારી નહિ એવી રાગ-દ્વેષની પર્યાયને જીવ ભોગવે છે. માટે કહ્યું કે રાગ-દ્વેષરૂપ ભવને ભોગવનારો જીવ છે.

गुनधारी — આત્મા જ્ઞાન, દર્શનાદિ અનંતગુણને ધરે છે માટે તે ગુણધારી છે. कलाधरी – જ્ઞાન – દર્શન – આનંદ આદિની કળાને ધરતો હોવાથી આત્માને કળાધારી કહ્યો છે.

भेषधारी – ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાએ રાગ – દ્વેષ તો વેષ છે જ પણ સંવર – નિર્જરા રૂપ ધર્મ પણ વેષ છે. તે વેષને ધરનારો હોવાથી આત્મા વેષધારી છે. શરીર, વાણી, મનને આત્મા ધરતો નથી.

જુઓ ! આ બનારસીદાસ, નાટક – સમયસારમાં જીવને આ બધાં નામોથી ઓળખાવે છે.

विद्याधारी – આત્મા વિદ્યાનો ધરનાર છે. જ્ઞાનવિદ્યા હો કે અજ્ઞાનવિદ્યા હો પણ તેને ધરનારો આત્મા જ છે. કેવળજ્ઞાનની વિદ્યાને પણ આત્મા ધરે છે અને અજ્ઞાનની વિદ્યાને ધરનારો પણ આત્મા છે. अंगधारी – આત્માને વ્યવહારથી શરીરધારી પણ કહેવાય છે. અંગ એટલે શરીર તેની સાથે આત્માને નિમિત્ત – નૈમિત્તક સંબંધ છે.

**संगधारी** – આત્મા રાગ – દ્વેષના સંગવાળો છે માટે તેને સંગધારી કહ્યો છે. કુટુંબ – પરિવારના સંગનો ધરનારો નહિ પણ રાગના સંગને ધરનારો આત્મા છે.

**जोगधारी** – મન, વચન, કાયાના નિમિત્તથી જીવની પોતાથી થયેલી પોતાના કંપનની યોગ્યતાને યોગ કહેવાય છે તેને ધરનારો આત્મા જોગધારી છે. **जोगी** – જોગને ધરે તેને જોગી કહેવાય છે. સવળી દ્રષ્ટિથી લઈએ તો પોતાના નિર્મળ શ્રદ્ધા, જ્ઞાનને ધારીને રહે છે તે જોગી છે. લોકો કહે છે કે જોગ ધરવો – ધ્યાન કરવું એ તો બધું જૂઠું છે. અહીં તો વસ્તુના ભાન સહિત તેમાં જોડાણ કરીને રહે તે જોગધારી છે, તે જ યોગી છે. વસ્તુસ્વરૂપના શ્રદ્ધા-જ્ઞાન વગર ધ્યાન કોનું કરે? આમ જે ભોગી છે તે જ યોગી છે. જે પહેલાં રાગ – દ્વેષને ભોગવતો હતો ત્યારે ભોગી કહેવાયો તે જ જીવ જ્યારે આત્માના આનંદને ભોગવવા લાગે છે ત્યારે તેને યોગી કહેવાય છે.

**चिन्मय** – આત્મા જ્ઞાનમય વસ્તુ છે. જેમ સાકર મીઠાશમય છે તેમ આત્મા ચિદ્ નામ જ્ઞાનમય છે. **अखंड** – આત્મા અસંખ્યપ્રદેશી હોવા છતાં અખંડ છે, તેમાં કોઈ ખંડ નથી. અભેદ છે.

**हंस** – આત્મા પોતાના સ્વભાવને અને રાગ – દ્વેષને જુદાં પાડવાની તાકાત રાખે છે માટે તેને હંસની ઉપમા આપી છે. એક ભજનમાં પણ આવે છે કે 'મારો હંસલો નાનો ને દેવળ જૂનું રે થયું.' એટલે આ શરીર રૂપી દેવળ જૂનું થઈ ગયું છે અને મારો હંસલો તો એવો ને એવો છે તેમાં કાંઈ બાળ કે વૃદ્ધ અવસ્થા નથી.

અમે તો નાનપણમાં બહુ ભજન શીખેલાં છીએ. 'ભગત' જ કહેવાતા હતાં. ધંધો કરીએ પણ બહુ રસ નહિ એટલે લોકો ભગત કહે.

અહીં કહે છે કે રાગ – દ્વેષ – અજ્ઞાનથી ખસીને પોતાના સ્વરૂપનો અનુભવ કરે તેને હંસ કહેવાય છે અને વિશેષ વીતરાગદશા પ્રગટ કરે તેનું નામ 'પરમહંસ' કહેવાય છે. હંસ જેવા ઉજળાં કપડાં પહેરી લેવાથી હંસ કહેવાતા નથી.

**अक्षर** – આત્માને ક્ષર નામ નાશ થવાપણું કદી નથી માટે તે અક્ષર છે. અનાદિ અનંત છે. લોકો કહે છે ને, આ જીવ અક્ષરધામમાં ગયો; પણ બહારમાં કોઈ અક્ષરધામ નથી. પોતે રાગ – દ્વેષ, પુણ્ય – પાપના વિકલ્પને છોડીને પોતાની અવિનાશી શક્તિને પ્રગટ કરે એ જ અક્ષરધામ છે.

**आतमराम** – જે પોતાના જ્ઞાનાનંદમાં રમે અને વિકારથી હટી જાય એવા ભાવ સ્વરૂપ દ્રવ્યને આતમરામ કહે છે.

**करमको करतार** – આત્મા જ કર્મનો કર્તા છે એટલે ભાવકર્મને કરનારો જીવ પોતે છે. જડકર્મ તેને વિકાર કરાવતાં નથી. હિંસા, જૂઠ, ચોરી આદિ અશુભભાવ અને અહિંસા, સત્ય, દયા–દાનાદિ શુભભાવનો કરનારો અજ્ઞાની આત્મા પોતે જ છે. જડકર્મનો કર્તા તો તેને વ્યવહારથી કહેવાય છે.

**परम विजोगी**—શુદ્ધ ચૈતન્યઘન આત્મા રાગની ક્રિયાથી પરમવિયોગી છે. વિકારનો પરમવિયોગી તે આત્મા છે.

આ પ્રમાણે જીવના સાધારણ નામ કહ્યાં. હવે આકાશ દ્રવ્યના નામ કહે છે. શાસ્ત્રમાં આ પ્રમાણે જુદાં જુદાં નામ આવે ત્યાં તેનો અર્થ આ પ્રમાણે જાણી લેવો એમ સૂચના કરે છે. શાસ્ત્રમાં એકની એક વસ્તુને ભિન્ન-ભિન્ન નામોથી કહી હોય છે.

આકાશ એક અરૂપી, અનંતપ્રદેશી, લોકાલોકવ્યાપક દ્રવ્ય છે, તેના જુદાં જુદાં નામ નીચે પ્રમાણે છે.

**खं विहाय अम्बर गगन, अंतरिच्छ जगधाम।**
**व्योम वियत नभ मेघपथ, ये आकाशके नाम ॥ ३८ ॥**

**खं**—આકાશને ખં કહેવાય છે. તેથી જ આકાશમાં ગમન કરવાવાળા પક્ષી, સૂર્ય આદિને ખગ કહેવાય છે, પણ એક કવિતામાં આવે છે તેમ, આકાશમાં જે પક્ષીના પગ શોધ છે અને પાણીમાં માછલીના પગને શોધે છે તે મૂરખ છે તેમ રાગ–દ્વેષમાં આત્માને શોધે છે તે મૂરખ છે.

**विहाय, अम्बर**—તે પણ આકાશના નામ છે. દિગંબર શબ્દમાં દિશા જેનું અંબર-વસ્ત્ર છે તે દિગંબર છે એમ અર્થ છે. અહીં આકાશને અંબર કહ્યું છે. આકાશને ગગન પણ કહેવાય છે.

**अन्तरिच्छ**—જે કોઈના આધાર વિના રહેલું છે એવું તે સર્વવ્યાપી આકાશ છે. **जगधाम**—વ્યવહારથી આખી દુનિયા જેમાં વસે છે તેને જગધામ–આકાશ કહેવાય છે. વ્યોમ વિયત એટલે વિસ્તાર, નભ અને મેઘપથ એ પણ આકાશના નામ છે. આકાશ એક અરૂપી મહાપદાર્થ છે તેને ભગવાને જોયો છે હો. આ કોઈ કલ્પના નથી.

હવે કાળદ્રવ્યના નામાંતર કહે છે.

**जम कृतांत अंतक त्रिदस, आवर्ती मृतथान।**
**प्रानहरन आदित्यतनय, काल नाम परवान ॥ ३९ ॥**

जम—કાળને જ જમ કહે છે. જે સમયે દેહ છૂટવાનો કાળ છે તે સમયને જ જમ કહે છે તેને બદલે લોકો જમ એટલે જીવને લેવા આવનાર માને છે. એવું કોઈ જીવને લેવા આવતું નથી. **कृतांत** નામ કાર્યને પૂરું કરનાર કાળ છે. **अंतक** નામ અંત કરનારો; દેહની સ્થિતિનો અંત આવે છે તેને કાળ કહે છે.

**त्रिदस**—કાળને ત્રિદશ પણ કહેવાય છે. **आवर्ती**—નામ પરાવર્તન જડ અને ચેતન્યને પલટવાની પર્યાયને પણ કાળ કહેવાય છે. ભગવાને કહ્યું છે કે દરેક દ્રવ્ય પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે, પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી. દ્રવ્ય એટલે ગુણ-પર્યાયનો પિંડ, ક્ષેત્ર એટલે અવગાહન, કાળ એટલે દશા અને ભાવ એટલે શક્તિ. સપ્તભંગીના પહેલાં બોલમાં આ આવી જાય છે કે દરેક દ્રવ્યની પોતાના સ્વચતુષ્ટયથી અસ્તિ છે અને પરચતુષ્ટયથી નાસ્તિ છે. તો એ અનુસાર પોતાની પર્યાયનું પલટવું એ જ કાળ છે તેને અહીં આવર્ત શબ્દથી કહ્યું છે.

**मृतथान**—મરવાના સ્થાનને કાળ કહે છે. દેહમાં જીવને રહેવાની સ્થિતિ પૂરી થાય તે સમયને કાળ કહેવાય છે. કોઈ જમડો આ અરૂપી આત્માને પકડી જ ન શકે તો લઈ તો ક્યાં જાય?

**प्रानहरन**—પાંચ ઇન્દ્રિય, મન-વચન-કાય, આયુષ્ય અને શ્વાસોશ્વાસ આ દશ પ્રાણ છે. તેની સ્થિતિ પૂરી થઈ જાય એટલે તેને કાળ અથવા પ્રાણહરણ કહેવાય છે.

**आदित्यतनय**—આદિત્ય નામ સૂર્ય તેની ગતિનું માપ દેવામાં કાળ નિમિત્ત છે માટે તેને સૂર્યનો પુત્ર કહેવાય છે. આ રીતે કાળના નામ કહ્યાં. હવે પુણ્ય કેટલા નામથી ઓળખાય છે તે કવિ બતાવે છે.

**पुण्य सुकृत ऊरधवदन, अकररोग शुभकर्म ।**
**सुखदायक संसारफल, भाग बहिर्मुख धर्म ॥ ४० ॥**

**पुण्य**—શુભભાવને પુણ્ય કહેવાય છે અને જે શુભકર્મ બંધાય છે તેને પણ પુણ્ય કહેવાય છે. સવારના કહ્યું હતું ને! લક્ષ્મી ખરચ્યે ખૂટતી નથી, પુણ્ય ખૂટ્યે લક્ષ્મી ખૂટી જાય છે. પૂર્વના જે પુણ્યના જડ પરમાણુ પડયાં છે તેની સ્થિતિ પૂરી થઈ જાય તો લક્ષ્મી વાપર્યા વગર પણ ખૂટી જાય છે અને પુણ્ય હોય તો લક્ષ્મી ખરચવા છતાં ખૂટતી નથી.

**सुकृत**—સારાં કામને સુકૃત કહેવાય છે. પાપના કામની અપેક્ષાએ જે સારાં કામ—દયા, દાન, વ્રત, ભક્તિ, જાત્રા આદિના ભાવ તે પુણ્ય છે પણ ધર્મ નથી.

**ऊरधवदन**—પુણ્યથી જીવ ઊંચા ક્ષેત્રમાં જાય છે. સ્વર્ગમાં જાય, શેઠિયો થાય એ બધું પુણ્યના ફળમાં થાય છે માટે ઊર્ધ્વવદન કહ્યું છે. આ પરમાર્થની વાત નથી હો ! વ્યવહારની વાત છે. લોકમાં તો તેની મહિમા હોય છે ને ! ઇન્દોરના સર હુકમીચંદ શેઠ બજારમાં નીકળે ત્યાં તો દુકાનમાંથી વેપારીઓ નીચા ઉતરી જાય, ખમા...ખમા... થાય, એના કપડાં ને જોડાં વગેરે બધું ઊંચી જાતનું, અહીં ત્રણ વાર આવી ગયા. તેના ગળામાં ૧૭ લાખનો હાર હતો ( ૭૧ની સાલમાં ૧૬ લાખ એટલે અત્યારે શું ભાવ થાય ! ) હીરાનો હાર એટલે લીલા પથરા હતાં. કીધું કે આ તો શેર સવા-શેરનો બોજો ઉપાડવાનો છે !

દુનિયામાં પુણ્યને ઊંચું ગણવામાં આવે છે માટે તેને ઊર્ધ્વવદન કહ્યું છે. શેઠાઈ કરવાની હોય અથવા મોટા મોટા પગાર હોય, બહારની અનુકૂળતા હોય એટલે ઊંચા કહેવાય.

**अकदरोग**—રોગને ન કરે તે પુણ્ય છે. **शुभकर्म**—શુભભાવને પુણ્ય કહેવાય છે તેમ શાતાવેદનીય બંધાય તેને પણ પુણ્ય-શુભકર્મ કહેવાય છે. પુણ્યના ફળમાં લક્ષ્મી ગોતવા ન જાય તોપણ સામેથી આવે છે એ શુભકર્મ છે પણ ધર્મ નથી. ધૂળ છે. પુણ્યના ફળમાં ધૂળ મળે પણ આત્મા પ્રાપ્ત ન થાય.

**सुखदायक**—દુનિયામાં પુણ્ય સુખદાયક ગણાય છે. લોકો એમ કહે કે, પૈસે-ટકે અમારે તો બાદશાહી છે. પણ એમાં ખરું સુખ નથી. સંસારના ફળ છે ભાઈ ! એમાં આત્માનું કાંઈ નથી.

**भाग्य**—પુણ્ય કહો કે ભાગ્ય કહો એક જ છે. અમારાં ભાગ્યમાં હતું તે મળ્યું એમ કહે છે ને ! પણ ભાગ્ય એ કોઈ નવી ચીજ નથી. એ તો નિગોદના જીવને પણ હોય છે. નિગોદ એટલે એકેન્દ્રિય જીવને પણ શુભભાવ હોય છે. આલુની એક રાય જેવડી કટકીમાં અસંખ્ય તો ઔદારિક શરીર છે અને એક શરીરમાં અત્યાર સુધી જેટલાં સિદ્ધ થયાં તેનાથી અનંતગુણા જીવ છે તેની પાસે મન, વચન પણ નથી છતાં ક્ષણમાં શુભ અને ક્ષણમાં અશુભ ભાવ કરે છે એવું ભગવાનનું વચન છે. તો એ શુભકર્મ ત્યાં પણ છે પણ તે કોઈ ધર્મનું કારણ નથી.

**बहिर्मुख**—પુણ્ય એ બહિર્મુખભાવ છે. અંતર્મુખભાવ નથી. અંતર્મુખભાવ તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે. આ તો પરના લક્ષે થયેલી રાગની મંદતાનો બહિર્મુખભાવ છે.

**धर्म**—બંધના કારણ એવા પુણ્યને વ્યવહારધર્મ કહેવામાં આવે છે પણ તે પરમાર્થધર્મ નથી.

હવે પાપના નામ કહેવાય છે.

पाप अधोमुख एन अघ, कम्प रोग दुःखधाम ।
कलिल कलुस किल्विष दुरित, अशुभ करमके नाम ॥ ४१ ॥

पाप—હિંસા, જૂઠ, ચોરી આદિ ભાવને ભાવપાપ કહેવાય છે અને તેના નિમિત્તે જે જડ પરમાણુ બંધાય છે તેને દ્રવ્યપાપ કહેવાય છે.

अधोमुख—પાપ કરવાવાળા અધોમુખ નીચે જાય છે. તીવ્ર પાપ કરનારાં નરકમાં જાય છે. મોટા મોટા રાજાઓ શિકાર આદિ સાત વ્યસન સેવે છે તે પાપના ફળમાં નીચે જાય છે, માટે પાપ તો અધોમુખ છે. પાપને एन પણ કહેવાય છે. પૂર્વના પુણ્યથી બધાં અનુકૂળ ભોગો પ્રાપ્ત થાય પણ તેને ભોગવવાનો ભાવ તે પાપ છે.

अघ—પાપને અઘ નામ દોષ કહેવાય છે. कम्प નામ અસ્થિરતા, પાપમાં હિંસા, જૂઠ, ચોરી, વિષયભોગ વાસના, માન, બડાઈ આદિ ઘણાં અસ્થિર ભાવ છે તે પાપના કંપ છે. रोग પાપને રોગ કહે છે. વળી રોગ પણ પાપથી જ આવે છે. અસાતાનો ઉદય હોય તો શરીરની ગમે તેટલી સાર-સંભાળ કરો તોપણ રોગ આવ્યા વગર રહેતો નથી. માટે પાપને જ રોગ કહ્યું છે.

दुःखधाम—પાપ એ દુઃખનું ધામ છે. શ્રોતા :—એ પાપથી જ પૈસા મળે છે તેને દુઃખધામ કેમ કહે છે? પૂજ્ય ગુરુદેવશ્રી :—પૈસા પાપભાવથી મળતાં નથી. પૈસા તો પૂર્વના પુણ્યના ફળથી મળે છે. પાપભાવથી તો પાપકર્મ બંધાય છે. કમાવાનો ભાવ, ખાવાનો ભાવ, વકીલાતનો ભાવ એ બધાં પાપભાવ છે—દુઃખધામ છે. શ્રીમદ્‌માં આવે છે ને! 'સુખધામ અનંત સુ સંત ચહી, દિન-રાત રહે તદ્ ધ્યાન મહી'. પાપ તો પાપના ધામમાં લઈ જનારું દુઃખધામ છે અને પાપ પરિણામ પોતે જ દુઃખધામ છે અને દુઃખધામમાં લઈ જાય છે.

कलिल—નામ મેલ છે. પાપ તો મેલ છે. कलुस પાપ તો ક્લેશરૂપ દુઃખદાયક મેલા પરિણામ છે. किल्विष હલકાં દેવને કિલ્વિષ કહેવાય છે, તેમ પાપને પણ અહીં કિલ્વિષ કહેલ છે. दुरित ભૂંડી રીત ખોટી રીત, પાપ એ જૂઠી રીત છે. अशुभ પાપને અશુભ જ કહેલ છે.

હવે કવિવર મોક્ષના નામાંતર કહે છે.

सिद्धक्षेत्र त्रिभुवनमुकुट, शिवथल अविचलथान ।
मोख मुकति वैकुण्ठ सिव, पञ्चमगति निरवान ॥ ४२ ॥

**सिद्धक्षेत्र**—પોતાનો આત્મા પૂર્ણ પવિત્ર થઈ જાય એટલે આત્મા જ પરમાં સિદ્ધક્ષેત્ર છે. લોકના અંતે સિદ્ધશિલા છે તેને વ્યવહારથી સિદ્ધક્ષેત્ર કહેવાય છે. ખરેખ તો, મુક્તિ અહીં થાય છે. શરીર અને રાગથી ભિન્ન થઈને કેવળજ્ઞાન અને કેવળ દર્શનની પર્યાય તો અહીં જ થાય છે માટે પોતાનું નિર્મળ અસંખ્યપ્રદેશી ક્ષેત્ર એ સિદ્ધક્ષેત્ર છે, તેમાં અરૂપી આનંદકંદ સિદ્ધ બિરાજે છે.

**त्रिभुवनमुकुट**—સિદ્ધભગવાન ત્રણલોકની ઉપર રહે છે, ઊર્ધ્વ, મધ્ય અ અધો આ ત્રણેય લોકની ઉપર મુકુટના સ્થાને છે.

મૂડબિદ્રીમાં નવું મંદિર બનાવ્યું છે તેનું નામ 'ત્રિભુવનતિલક ચૂડામણિ રાખ્યું છે. અમે ત્યાં જઈ આવ્યા છીએ. આખા હિન્દુસ્તાનમાં બે વાર જાત્રા કરી છે

**शिवथल**—શિવ એટલે સુખ તેના સ્થાનરૂપ મોક્ષને શિવથલ કહ્યું છે. શિ એટલે નિરુપદ્રવ-રાગાદિના ઉપદ્રવથી રહિત આત્માની નિર્મળદશા તે શિવથાન છે.

**अविचलथान**—સિદ્ધક્ષેત્ર અવિચળ છે. ત્યાં જીવો જાય છે પણ ત્યાંથી નીકળત નથી, ત્યાં ગતિ છે પણ આગતિ નથી. એવી આત્માની પૂર્ણ પવિત્રદશાને મોક્ષ કહે છે, તેને જ મુક્તિ કહે છે અને તેને જ વૈકુંઠ કહે છે. વૈકુંઠ કોઈ બીજું સ્થાન નથી ત્યાં કોઈ દેવ હોય અને સેવા કરતાં હોય એવું કાંઈ નથી.

**पञ्चमगति**—નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ આ ચાર ગતિ છે તેનાથી વિલક્ષણ આ પંચમગતિ છે. પૂર્ણદશાને પ્રાપ્ત થયેલા અક્રિય પરમાત્મા આ પંચમગતિમાં રહે છે

**निरवान**—જેમાં અકલ્યાણ રહ્યું નથી એવા ભાવને અને એવા સ્થાનને નિર્વાણ કહે છે. શીતળીભૂત થઈ ગયેલા શાન્ત પરમાત્મા આ સ્થાનમાં રહે છે.

આ બધાં મોક્ષના જ વિવિધ નામ છે. —*— [ ક્રમશઃ ]

[ વૈરાગ્યજનની બારભાવના...પૃષ્ઠ-૨૫ થી ચાલુ ]

નિમિત્ત બને છે. પુદ્ગલ-પરાવર્તનના નિયમ મુજબ બધું સ્વતંત્ર ક્રમબદ્ધ, વ્યવસ્થિત છે. અત્યારે તો ભૂત-વ્યંતરના નામે ઢોંગ ચાલે છે. વ્યંતરને પૂજનારા ભિખારા છે. માટે વ્યર્થ કલ્પના કરી અજ્ઞાની ગમે તે ચેષ્ટા કરી કેવળ પાપ બાંધે છે.

કોઈને અનુકૂળતા દેખાય છે તે પુણ્યકર્મના નિમિત્તે હોય છે. પુણ્યોદય હોય તો ભૂલથી પ્રતિકૂળ દવાથી પણ રોગ મટયાના દાખલા છે. માટે શુભાશુભ કર્મ છે તે જ આ જીવને સુખ-દુઃખ, ધન, દરિદ્રતા, રોગ, નિરોગ, જીવન, મરણ, સંયોગ-વિયોગ આદિ કરે છે, સુખ-દુઃખ તો મોહી જીવ માને તો થાય છે. —o— [ ક્રમશઃ ]

# ॐ વૈરાગ્યજનની : બાર ભાવના ॐ

[ શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ગાથા-૩૧૫ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આ ધર્માનુપ્રેક્ષા ચાલે છે. ધર્મ એટલે વસ્તુનો સ્વભાવ. આ ભાવના કરતા સમ્યગ્દષ્ટિ જીવને શુદ્ધિ વધે છે.

**उत्तमगुणग्रहणरतः उत्तमसाधूनां विनयसंयुक्तः ।**
**साधर्मिकानुरागी स सद्दृष्टिः भवेत् परमः ॥ ३१५ ॥**

વળી કેવો છે તે સમ્યગ્દષ્ટિ? ઉત્તમ ગુણો જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ આદિ તેમાં તો અનુરાગી (ભાવનાવંત) હોય છે, એ ગુણો ધારક ઉત્તમ સાધુજનોના વિનયથી યુક્ત હોય છે, તથા પોતા સમાન સમ્યગ્દષ્ટિ સાધર્મીજનોમાં અનુરાગી-વાત્સલ્ય-ગુણ સહિત હોય એવો તે ઉત્તમ સમ્યગ્દષ્ટિ હોય છે. એ ત્રણે ભાવ ન હોય તો જાણવું કે તેનામાં સમ્યક્ત્વનું યથાર્થપણું નથી.

સમ્યગ્દષ્ટિ જીવ ઉત્તમ ગુણ—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપાદિને ગ્રહણ કરવામાં અનુરાગી હોય છે. તથા ચારિત્રવંત ઉત્તમ ભાવલિંગી સંતો પ્રત્યે વિનય આદર ભાવ સહિત હોય છે. અનાદર કરતો નથી કેમકે તેને વીતરાગ ભાવની રુચિ છે. તેથી વીતરાગતા ધારક જીવો પ્રત્યે તેને આદર આવે જ છે. પોતાના સ્વભાવનો આદર-બહુમાન આવેલ છે. ત્યાં વિકલ્પ હોતાં ગુણી ધર્મી પ્રત્યે આદરભાવ આવે છે તે પોતાના કારણે છે. સંતને જોતાં તેવો ધર્માનુરાગ આવ્યો છે—એમ નથી. તથા પોતા સમાન સાધર્મી સમ્યગ્દષ્ટિ જીવો પ્રત્યે વાત્સલ્ય આવે છે. આવા ગુણો જેને હોય તે ઉત્તમ સમ્યગ્દષ્ટિ જીવ છે. (૧) વીતરાગભાવનો આદર હોય (૨) વીતરાગભાવના ધારક સંતો પ્રત્યે બહુમાન હોય તથા (૩) સમ્યગ્દષ્ટિ સાધર્મી જીવો પ્રત્યે પોતાને વાત્સલ્ય હોય—આવા ત્રણ ગુણો સમ્યગ્દષ્ટિને હોય છે.

**देहमिलितं अपि जीवं निजज्ञानगुणेन जानाति यः भिन्नम् ।**
**जीवमिलितं अपि देहं कञ्चुकसदृशं विजानाति ॥ ३१६ ॥**

આ જીવ, દેહની સાથે મળી રહ્યો છે—એકક્ષેત્રાવગાહ સંબંધે છે, તો પણ પોતાના જ્ઞાનગુણથી પોતાને જડદેહથી જુદો માને છે. શરીરને કપડાની જેમ પોતાથી ભિન્ન માને છે. આમ સમ્યગ્દષ્ટિ જીવ જાણે છે. તે શરીરાદિ ક્રિયાનો કર્તા કે પ્રેરક

પોતાને માનતો નથી. આવું ભાન જેને ન હોય તેને કાંઈ ધર્મ કે સાચા વ્રત આદિ હોતા જ નથી.

निर्जितदोषं देवं सर्वजीवानां दयापरं धर्मम् ।
वर्जितग्रन्थं च गुरुं यः मन्यते सः स्फुटं सद्दृष्टिः ॥ ३१७ ॥

અર્થ :—જે જીવ દોષરહિતને દેવ માને છે, સર્વ જીવોની દયાને શ્રેષ્ઠ ધર્મ માને છે તથા નિર્ગ્રંથગુરુને ગુરુ માને છે તે પ્રગટપણે સમ્યગ્દષ્ટિ છે.

સમ્યગ્દષ્ટિ જીવ સર્વજ્ઞ વીતરાગ અઢાર દોષોરહિત દેવને દેવ માને છે. ભગવાનને ક્ષુધા, તૃષા, રોગાદિ હોય નહીં. તીર્થંકરને તો જન્મથી જ નિહાર હોય નહીં. આવા દેવને જે જાણતો નથી તે પ્રગટ મિથ્યાદૃષ્ટિ છે. મોક્ષમાર્ગી નથી. આમ જાણીને સમ્યગ્દૃષ્ટિ જીવ અન્ય સંસારી દેવને માને નહીં કે તેનું પૂજનાદિ કરે નહીં.

ધર્મ તો અહિંસા સ્વરૂપ જાણે. પરજીવને મારવો નહીં તે અહિંસા નથી. કોઈ પણ જીવને મારવાનો કે જિવાડવાનો વિકલ્પ જ ન ઉઠવો તે અહિંસા છે. અરાગી સ્વભાવમાં શ્રદ્ધા-જ્ઞાન-રમણતા તે જ અહિંસા છે. પરને જિવાડું, પરની દયા પાળું—આમ માનનાર જૈન નથી પણ અજૈન મિથ્યાદૃષ્ટિ છે. કેમકે પરનું કાંઈ કરી શકવાની તાકાત કોઈ પરદ્રવ્યમાં નથી.

નિષ્પરિગ્રહી ગુરુ માને, જૈનદર્શન, વીતરાગ માર્ગમાં મુનિઓ આત્માના ભાન સહિત નગ્ન દિગંબર હોય છે. કપડાંનો એક તાણો રાખીને મુનિપણું મનાવે તે નિગોદમાં જાય છે. જૈનદર્શનમાં પણ કાળદોષથી વિકૃતિ આવી છે. તેને સમ્યગ્દૃષ્ટિ જીવ કુલિંગી-ભેખધારી-મિથ્યાદૃષ્ટિ જાણે, તેને ધર્મગુરુ જાણે નહીં. તેમની કોઈ પ્રકારે વંદના-પૂજન આદર કરે નહીં.

સમસ્ત પરિગ્રહ રહિત ભાવલિંગી નગ્ન દિગંબર સંત હોય તેને સમ્યગ્દૃષ્ટિ જીવ ગુરુ તરીકે સ્વીકારીને આદરપૂર્વક વંદન-પૂજનાદિ કરે.

દેવ-ગુરુ-ધર્મના આશ્રયે તો ઉપદેશ વર્તે છે. જો દેવ-ગુરુ-શાસ્ત્ર જ ખોટા હોય તો તેમનો ઉપદેશ પણ ખોટો હોય, દેવ-ગુરુ-શાસ્ત્ર સાચાં હોય તો તેમનો ઉપદેશ સાચો હોય. જે જીવ ખોટા દેવ-ગુરુ-શાસ્ત્રનો આદર બહુમાન કરે છે તે જીવ સમ્યક્ શ્રદ્ધાથી ભ્રષ્ટ છે. કુદેવ-કુગુરુને વંદન-પૂજન તો દૂર રહો, પણ તેમના સંસર્ગથી પણ શ્રદ્ધા બગડે છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રીતિ-બહુમાન જેને આવતું નથી ને ખોટા દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન જે છોડતો નથી તે જીવ સ્થૂલ મિથ્યાદૃષ્ટિ છે. જે સાચી શ્રદ્ધાવાળો હોય તેને સાચા શ્રદ્ધા-જ્ઞાનવાળા પ્રત્યે આદરભાવ આવ્યા વિના

વંદેતો નથી. સમ્યગ્દષ્ટિ જીવ ધર્મબુદ્ધિથી કદી કુદેવાદિનો સંસર્ગ કરતો નથી. સ્વામી સમંતભદ્રાચાર્યે રત્નકરંડ શ્રાવકાચારમાં એમ કહ્યું છે કે ભયથી, આશાથી, સ્નેહથી કે લોભથી એ કુદેવ-કુઆગમ તથા કુલિંગીવેષધારીને પ્રણામ કે તેમનો વિનય જે સમ્યગ્દષ્ટિ છે તે કરતો નથી.

કેવળી ભગવાનને આહાર, પાણી, રોગ માને, સ્ત્રીને અર્હંતપદ કે મુનિપદ માને. મુનિને વસ્ત્રાદિ પરિગ્રહ માને અને પુણ્યથી-નિમિત્તથી ધર્મ થાય, પરંતુ કરી શકાય છે એમ માને તે કુગુરુ છે, તથા છ દ્રવ્ય, નવતત્ત્વ, તથા દેવાદિનું સ્વરૂપ જેમાં વિપરીત છે એવા શાસ્ત્ર તે કુઆગમ છે. પંચમકાળ છે, તેથી આજીવિકા, પૂજ્યતા, વગેરે કારણથી તેનો આદર કરવો પડે છે તેને તો પુણ્યતત્ત્વની પણ પ્રતીત નથી, તે મૂઢ છે. આત્માર્થી નથી. જેને તત્ત્વમાં વિરોધ છે, નિમિત્તાધીન દૃષ્ટિ છે, શાસ્ત્રમાંથી પણ પરાધીનતા અને રાગનું સ્થાપન કરે તે કુગુરુ છે. ધર્મી જીવ સાચા દેવાદિનો જ વંદન-વિનય કરે છે. બીજા કુલિંગી કુદેવાદિને તે કદી વંદે નહીં.

दोषसहितं अपि देवं जीवहिंसादिसंयुक्तं धर्मम् ।
ग्रन्थासक्तं च गुरुं यः मन्यते सः स्फुटं कुदृष्टिः ॥ ३१८ ॥

જે જીવ દોષોરહિત દેવોને તો દેવ માને ને જે વસ્ત્રપાત્ર રાખે તેને સાધુપણું માને, મનાવે તે મૂઢ છે. તે ક્રમે કરીને નિગોદમાં જાય છે. કેમકે સનાતન સત્યમાર્ગનો વિરોધ તેનું ફળ નિગોદ છે અને આરાધનાનું ફળ મોક્ષ છે. એમ ત્રણે કાળ નિયમ છે. જેના આગમ, ગુરુ, ઉપદેશ મિથ્યા છે તે પ્રગટ સ્થૂળ મિથ્યાદૃષ્ટિ છે ને તેને માનનારા પણ મિથ્યાદૃષ્ટિ છે.

ભાવમાં સૂક્ષ્મ મિથ્યાત્વ છે તે છૂપો મિથ્યાદૃષ્ટિ છે, પણ જે અઢાર દોષવાન કુદેવને માને-વંદે છે, જીવઘાતાદિમાં ધર્મ માને છે, પુણ્યથી, નિમિત્તથી, શરીરની ક્રિયાથી ધર્મ માને છે તે જ હિંસાધર્મી છે; વસ્ત્રાદિ પરિગ્રહમાં આસક્ત છે એવા વેષધારીને ગુરુ માને તે પણ પ્રગટ મિથ્યાદૃષ્ટિ છે.

કોઈ કહે કે વ્યંતરાદિ દેવ ધનાદિ આપે, રોગ ટાળે, ઉપકાર કરે, તો તેનું વંદન-પૂજન કરવું કે નહિ? તેને કહે છે:—

न च कोऽपि ददाति लक्ष्मीं न कः अपि जीवस्य करोति उपकारम् ।
उपकारं अपकारं कर्म अपि शुभाशुभं करोति ॥ ३१९ ॥

કોઈને કોઈ વ્યંતરાદિ દેવ લક્ષ્મી આપતો-ઉપકાર કરતો દેખાતો નથી. તે કાંઈ કરી જ શકતો નથી. માત્ર પૂર્વના પુણ્ય-પાપકર્મ જે પ્રકારે હોય તે જ ઉપકાર-અપકારનું

[ અનુસંધાન માટે જુઓ પાનું-૨૨ ]

## વૈરાગ્ય સમાચાર :—

### ※ શાસ્ત્રી શ્રી અમૃતલાલભાઈ ઝાટકિયાનો સ્વર્ગવાસ ※

કૃપા સાગર પૂજ્ય ગુરુદેવશ્રી 'શાસ્ત્રીજી!'નું સંબોધન કરીને જેમના ઉપર કૃપ વરસાવતા હતા અને જેમણે શ્રી સમયસારના ગુજરાતી અનુવાદ-કાર્યમાં અનેક પ્રક સારી સહાય કરી હતી તે શ્રી અમૃતલાલ માણેકલાલ ઝાટકિયાનું (વર્ષ-૮૨) દેહાવસા અમરેલીમાં તેમના ઘરે તા. ૧૮-૧-૯૨ના દિને હેમરેજ થવાથી થઈ ગયું છે.

સ્વ૦ શ્રી અમૃતલાલભાઈને નાની ઉંમરથી પૂજ્ય ગુરુદેવ પ્રત્યે શ્રદ્ધા-ભક્તિ હત તથા તેમની વાણીનો તેમ જ શાસ્ત્રાભ્યાસનો સારો પ્રેમ હતો. આદરણીય પં૦ શ્ર હિંમતભાઈએ સમયસારના ઉપોદ્ઘાતમાં લખ્યું છે કે—"ભાઈશ્રી અમૃતલાલ માણેકલા ઝાટકિયાની આમાં સૌથી વધારે મદદ છે. તેઓ આખો અનુવાદ અતિ પરિશ્રમ વેઠી ઘણી જ બારીકાઈથી અને ઉમંગથી તપાસી ગયા છે, ઘણી અતિ-ઉપયોગી સૂચનાઓ તેમણે કરી છે, સંસ્કૃત ટીકાની હસ્તલિખિત પ્રતો મેળવીને પાઠાંતરો શોધી આપ્યા છે શંકાસ્થાનોનાં સમાધન પંડિતો પાસેથી મેળવી આપ્યાં છે—ઇત્યાદિ અનેક રીતે તેમ જે સર્વતોમુખી સહાય કરી છે તે માટે હું તેમનો અત્યંત આભારી છું." શ્રી અમૃતલાલ ભાઈએ, વિ. સં. ૧૯૯૮માં સોનગઢમાં ખુલેલ 'શ્રી કુંદકુંદ-કુમારબ્રહ્મચર્યાશ્રમ'માં ત્ર વર્ષ સુધી અધ્યાપન-કાર્ય કર્યું હતું. ઉનાળાના વર્ગોમાં પણ શિક્ષણ આપતા હતા. પૂજ ભગવતી બહેનશ્રી ચંપાબેનના પંડિતજી ઉપરના પત્રમાં પણ, સમયસારના સંદર્ભમ તેમના નામનો તેમ જ કાર્યનો ત્રણ વાર ઉલ્લેખ થયેલો છે, જે સાંભળી તેઓ પૂજ બહેનશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની ઘણી પ્રસન્નતા અનુભવતા હતા. એવા શ્રી અમૃતલાલભા ખરેખર ઘણા ભાગ્યશાળી હતા, તેમને પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય માતાજી પ્રત્યે અનહ ભક્તિભાવ હતો. સદ્દગત આત્મા પોતાની તત્ત્વરુચિના બળે શીઘ્ર આત્મજ્ઞાન પ્રાપ્ત કરી પૂર્ણાનંદપદ પ્રાપ્ત કરો—એવી તેમના પ્રત્યે વૈરાગ્યભાવભીની સંવેદના.

※ જામનગરનિવાસી જામનગરમંડળના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી વકીલ કાન્તિલાલ વીરજીભા પારીયા (વર્ષ-૮૬) તા. ૧૭-૧-૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓના પ્રમુખપણ નીચે પૂજ્ય ગુરુદેવશ્રીની ૮૮મી જન્મજયંતી અત્યંત ધામધૂમથી ઉજવાઈ હતી. તેઓ ઘણા જ તત્ત્વ-અભ્યાસી અને સ્વાધ્યાયપ્રેમી હતા. સોનગઢ વારંવાર આવીને પૂજ ગુરુદેવશ્રીનો ઘણો લાભ લેતા હતા. અંતિમ સમયે જાગૃતિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા હત

—સ્વર્ગસ્થ આત્માઓને વીતરાગ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે તેમ જ કૃપાળુ પૂજ ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતા પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. તેઓ વીતરાગ ધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના. —※—

## 卐 આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો 卐

* હે ભગવાન! આપનો આ મહિમા છે કે આપે વસ્તુને એકાંતે વાચ્યરૂપ કે અવાચ્યરૂપ ન કહેતાં બન્ને ધર્મરૂપ કહેલ છે. એ બન્ને ધર્મોમાંથી જો હું માત્ર એક ધર્મનું જ કથન કરું તો જીભના સો કટકા થઈ જાય. ૩૦૦. (શ્રી અમૃતચંદ્ર આચાર્ય, લઘુતત્ત્વ સ્ફોટ, સ્તુતિ–૧૫, શ્લોક–૯)

* સર્વથા નિત્યવાદી અને સર્વથા અનિત્યવાદી બન્ને જ મિથ્યાદૃષ્ટિ છે પરંતુ જે પદાર્થોને નિત્યાનિત્ય માને છે તે મિથ્યાદૃષ્ટિ નથી એમ કહેવું યોગ્ય નથી. નિરપેક્ષ નિત્યાનિત્યવાદ પણ એકાંત નિત્યવાદ અને એકાંત અનિત્યવાદની જેમ મિથ્યા જ છે. કારણ કે અપેક્ષા વિના નિત્યાનિત્ય વસ્તુ માનવાથી સર્વ નયોનો ઘાત થાય છે. ૩૦૧.

(શ્રી નરેન્દ્રસેન આચાર્ય, સિદ્ધાંતસારસંગ્રહ, અધ્યાય–૪, ગાથા–૭૪)

* જે ગૃહસ્થ સાધર્મી જીવો પ્રત્યે પોતાની શક્તિ અનુસાર વાત્સલ્ય કરતો નથી તે ધર્મથી વિમુખ થઈને ઘણા પાપથી પોતાને આચ્છાદિત કરે છે. ૩૦૨. (શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, ઉપાસક સંસ્કાર, શ્લોક–૩૬)

* યહ બડા ખેદ હૈ કિ જહાં અમૃત તો વિષકે લિયે હો ઔર જ્ઞાન મોહકે લિયે હો ઔર ધ્યાન નરકકે લિયે હોતા હૈ સો જીવોંકી યહ વિપરીત ચેષ્ટા આશ્ચર્ય ઉત્પન્ન કરતી હૈ. ભાવાર્થ—જહાં પ્રશસ્ત વસ્તુ ભી અપ્રશસ્ત હો જાતી હૈ ઉસકા યહાં આશ્ચર્ય કિયા હૈ. ૩૦૩

(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૨૫, શ્લોક–૧૦)

* જે બુદ્ધિરૂપી સ્ત્રી બાહ્ય શાસ્ત્રરૂપી વનમાં ફરનારી છે, અનેક વિકલ્પો ધારણ કરે છે તથા ચૈતન્યરૂપી કુલીન ઘરમાંથી નીકળી ચૂકી છે, તે પતિવ્રતા સમાન સમીચીન નથી, પરંતુ દુરાચારિણી સ્ત્રી સમાન છે. ૩૦૪.

(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, સદ્‌બોધ ચંદ્રોદય, શ્લોક–૩૮)

—※—

સુવર્ણપુરીમાં સમ્યક્ત્વ-મહિમાનો સ્વર્ણીય અવસર

સમ્યક્ત્વતીર્થ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો

૬૦ મો

## 卐 સમ્યક્ત્વજયંતી–મહોત્સવ 卐

[ તા. ૨૪-૩-૯૨ થી તા. ૨૮-૩-૯૨ ]

સમ્યક્ત્વતીર્થપ્રભાવક પરમોપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પરમ ભક્ત સમ્યક્ત્વતીર્થ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો ૬૦ મો વાર્ષિક સમ્યક્ત્વજયંતીનો મંગલ મહોત્સવ (ફાગણ વદ ૧૦) અધ્યાત્મઅતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરીમાં અત્યંત આનંદ ઉલ્લાસપૂર્વક ઉજવવાનો નિર્ણય થયો છે. તદનુસાર સુવર્ણપુરી તીર્થધામમાં તા. ૨૪–૩–૯૨, મંગળવારથી તા. ૨૮–૩–૯૨, શનિવાર સુધી આ સમ્યક્ત્વજયંતી–મહોત્સવ 'શ્રી ચૌંસઠઋદ્ધિમંડલવિધાન-પૂજા', પરમ કૃપાળુ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સમ્યક્ત્વમહિમાભરપૂર આધ્યાત્મિક ટેપ-પ્રવચનો, દેવ–ગુરુ–ભક્તિ, યાત્રાની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પાવન દર્શન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો ધર્મચર્ચા ઇત્યાદિ અનેકવિધ રોચક ધાર્મિક કાર્યક્રમ સહ અત્યંત હર્ષોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે. સમ્યક્ત્વપ્રેમી સર્વે મુમુક્ષુઓને આ સમ્યક્ત્વમહિમાવર્ધક અનુપમ અવસરનો લાભ લેવા પધારવા હાર્દિક અનુરોધ છે.

—*—

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

* અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આપણા આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન [illegible] સદાય પ્રફુલ્લિત રહે છે તેમ જ સવાર-બપોર-સાંજ ત્રણેય ટાઈમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં ટેપ-પ્રવચન સહિત નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

[illegible] : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ
[illegible] : જિનેન્દ્રદર્શન-પૂજા
સવારે ૮-૪૫ થી ૯-૪૫ : પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર પર (૧૩મી વખતનું) આધ્યાત્મિક ટેપ-પ્રવચન
સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ : પુરુષો માટે બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શ્રી પ્રવચનસાર ઉપર શિક્ષણવર્ગ
બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર-કળશટીકા પર આધ્યાત્મિક ટેપ-પ્રવચન
બપોરે ૪-૦૦ થી ૪-૧૫ : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્વાધ્યાયમંદિરમાં સ્તુતિ
બપોરે ૪-૧૫ થી ૫-૦૦ : જિનેન્દ્રભક્તિ
રાત્રે ૭-૩૦ થી ૮-૩૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી પરમાત્મપ્રકાશ પર ભાવવાહી ટેપ-પ્રવચન
રાત્રે ૮-૪૫ થી ૯-૪૫ : ગોગીદેવી બ્રહ્મચર્યાશ્રમમાં પૂજ્ય બહેનશ્રીના આવાસ પર મહિલા-શાસ્ત્રસભા

* **ફાગણ માસની નંદીશ્વર-અષ્ટાહ્નિકા :**—શ્રી પંચમેરુ નંદીશ્વર-જિનાલયમાં તા. ૧૧-૩-૯૨, બુધવાર થી તા. ૧૮-૩-૯૨ બુધવાર સુધી ફાગણ માસની નંદીશ્વર-અષ્ટાહ્નિકા શ્રી પંચમેરુ-નંદીશ્વર વિધાનપૂજા આદિ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

* **શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયનો વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ :**—શ્રી પંચમેરુ-નંદીશ્વર-જિનાલયનો આઠમો વાર્ષિક પ્રતિષ્ઠાદિન ફાગણ સુદ-૭, બુધવાર, તા. ૧૧-૩-૯૨ના રોજ ભક્તિ-પૂજા પૂર્વક ઉજવવામાં આવશે.

* **શ્રી પરમાગમ-મંદિર-પ્રતિષ્ઠાતિથિ :**—ફાગણ સુદ ૭, સોમવાર, તા. ૧૬-૩-૯૨ના રોજ શ્રી મહાવીર-કુંદકુંદ દિ. જૈન પરમાગમમંદિરનો ૧૮ મો વાર્ષિક પ્રતિષ્ઠાદિન પૂજા-ભક્તિપૂર્વક ઉજવવામાં આવશે.

—*—

## વઢવાણ પંચકલ્યાણક-પ્રતિષ્ઠામાં અવશ્ય પધારજો

નિત્ય અને નૈમિત્તિકરૂપથી થવાવાળા જિનબિંબ-મહોત્સવમાં શિથિલતા ન કરવી, તથા તત્ત્વજ્ઞાનીઓએ તો તે શિથિલતા કદી પણ અને કોઈ પ્રકારથી પણ ન કરવી.

(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૭૩૯)

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

Licence No. 21 'Licensed to post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/-